Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

|शार्दूलविक्रीडितवृत्तम् ॥|

कालो दुस्तर आगतो जनगनो भोगेषु मग्नं भृशम् ।
धर्मो विस्मृत आत्मरूपमहहा न ज्ञायते केनचित् ॥
यावन्तीह जना धनाय बहुशः कामाहतास्तद्हृदि ।
'आत्मानन्द प्रकाश' दीपकिरणं प्राप्नोतु शश्वत्पदम् ॥ १ ॥

पु. २०. | वीर सं. २४४६. फाल्गुन आत्म सं. २७ | अंक ८ मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.

| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ તાત્ત્વિક પુરૂષાર્થ ... ... | ૧૮૩ | ૫ ધૈર્ય. ... ... ... | ૧૯૪ |
| ૨ શુદ્ધ દેવગુરૂની સેવાનો લાભ દુર્લભ કેમ કહ્યો છે? તેમાં રાખવા યોગ્ય સાવચેતી ... ... ... | ૧૮૪ | ૬ શ્રી ભગવાનનું શાસનતંત્ર અને ચાલુ પરિસ્થિતિનું દિગ્દર્શન. ... | ૨૦૦ |
| ૩ આપણા હૃદયને વિશાળ બનાવવાની જરૂર છે ... ... ... | ૧૮૫ | ૭ જૈન સ્વયંસેવક મંડળોનું કર્તવ્ય... | ૨૦૫ |
| ૪ ધર્મ–જીવનના માર્ગમાં રહેલા વિઘ્નો. | ૧૮૬ | ૮ સમયના પ્રવાહમાં કાંઇક. ... | ૨૦૯ |
| | | ૯ સ્વિકાર અને સમાલોચના ... | ૨૧૧ |

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ખાસ વાંચવા યોગ્ય જૈન ઇતિહાસિક ગ્રં[illegible]—

# “ શ્રી કુમારવિહાર શતક. ”

### ( મૂળ અવચૂરિ અને સવિસ્તર ગુજરાતી ભાષાંતર સાથે )

આ ગ્રંથના મૂળ કર્તા શ્રીમાન્ રામચંદ્ર ગણિ કે જેઓ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના મુખ્ય વિદ્વાન શિષ્ય હતા. જેમણે આ ગ્રંથ બારમા સૈકાના અંતમાં બનાવ્યો છે, તેના ઉપર શ્રી સોમસુંદરસૂરિના પરિવારમાં થયેલા સુધાભૂષણ ગણીએ અવચૂરી (સંસ્કૃતમાં) બનાવી છે તે બંને સાથેનું સવિસ્તર ભાષાંતર પણ આ ગ્રંથમાં આપવામાં આવેલું છે. જેમ સંસ્કૃત કાવ્યની દષ્ટિએ આ ગ્રંથ પ્રતિભાવાન છે, જૈન સાહિત્યનું ઉચ્ચ સ્વરૂપ છે, તેમ જૈન ઇતિહાસની દષ્ટિએ તેરમા સૈકામાં જૈનોની જાહોજલાલી, ગૌરવતા, પ્રાચીનતા, પ્રભાવશિલતા બતાવનાર પણ આ એક અપૂર્વ ગ્રંથ છે. કારણ કે આ ગ્રંથમાં ગુર્જરપતિ જૈન મહારાજા શ્રી કુમારપાળે અણહિલપુર પાટણમાં પોતાના પિતાશ્રી ત્રિભુવનપાલના નામથી બનાવેલ પ્રાસાદ ( જીનમંદિર કે જેમાં શ્રીમાન્ હેમચંદ્રસૂરિએ શ્રી પાર્શ્વનાથ પ્રભુ પ્રતિષ્ઠિત કરેલ છે; તે ચૈત્ય-મંદિરની અદ્ભુત શોભાનું ચમત્કારિક વર્ણન આપેલું છે. આ પ્રાસાદમાં બ્હોંતેર દેવકુલીકા હતા. ચોવીશ રત્નની, ચોવીશ સુવર્ણની, ચોવીશ રૂપાની અને ચોવીશ પીતળની, તેમ અતિત અનાગત અને વર્તમાન કાળનાં પ્રભુપ્રતિમા હતા. મુખ્ય મંદિરમાં એકસોચોવીશ આંગળ ચંદ્રકાન્તમણીની પ્રતિમા હતા. મંદિરનું બાંધકામ, રચના, તેનું ચિત્રકામ-શિલ્પકામની સુંદરતા એટલી બધી છે કે જે આ ગ્રંથ વાંચવાથી આત્માને અપૂર્વ આનંદ સાથે કુમારપાળ રાજાની દેવભક્તિ માટે આશ્ચર્ય ઉત્પન્ન થાય છે; સાથે તે વખતનો ઇતિહાસ પણ જાણવામાં આવે છે. ગ્રંથ ખરેખર વાંચવા-જાણવા જેવો છે.

આ ગ્રંથ લાંબો સમય સચવાય તે માટે ઉંચા ઇંગ્લીશ આર્ટપેપર ઉપર સુંદર ટાઇપમાં છપાવેલ છે. તમામ લાભ લઇ શકે તે માટે પ્રત આકારમાં છપાવેલ છે. પાટલી પણ ઉંચા કપડાના કરવામાં આવેલ છે છતાં કિંમત રૂા. ૧-૮-૦ પોસ્ટ ખર્ચ જુદો.

**લખો—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

---

“તૈયાર છે. જલદી મંગાવો.”

# શ્રી જૈનાચાર્યો તથા જૈન કવિઓ રચિત સંસ્કૃત નાટકો.

જૈન આચાર્યો તેમજ કવિવરોએ દરેક પ્રકારના સાહિત્ય ઉપર દષ્ટિ ફેંકી, જૈન સમાજ તેમજ ઇતર દર્શનકારોને પોતાની અનેક કૃતિઓ બનાવી આશ્ચર્યચકિત કરી દીધા છે, તેટલુંજ નહીં પણ પ્રાકૃત અને સંસ્કૃત ભાષા માટે પોતાની અપૂર્વ વિદ્વત્તા પ્રકટ કરી છે, તેવા નાટકો વાંચતા ભાષાના અભ્યાસની વૃદ્ધિ થાય છે અને વાચકને પણ ઘણું જ્ઞાન થવા સાથે જૈન દર્શનના ઇતિહાસ-સાહિત્યનું પણ ભાન થાય છે, સાથે રસ પડતાં આત્માની પણ નિર્મળતા થાય છે. તેવા નાટકો નીચે મુજબ અમારા તરફથી પ્રસિદ્ધ થયા છે. ઉંચા કાગળો, સુંદર ટાઇપ અને સુશોભિત બાઇંડીંગથી તે પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. સર્વ એક સરખો લાભ લઇ શકે તે માટે કિંમત માત્ર નામની રાખી છે, તે નાટકો નીચે મુજબ છે.

૧ દ્રૌપદી સ્વયંવર નાટક ૦-૪-૦
૨ કૂરૂણાવજ્રાયુધ નાટક ૦-૪-૦
૩ કૌમુદી મિત્રાનંદ નાટક ૦-૮-૦
૪ પ્રબુધ રોહિણેય નાટક ૦-૬-૦
૫ ધર્માભ્યુદય નાટક ૦-૬-૦
( પોસ્ટેજ જુદું. )

**મળવાનું ઠેકાણું—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

॥ परोपकारः सम्यक् क्रियमाणो धीरतामभिवर्धयति, दीनतामपकर्षति, उदाचित्ततां वित्ते, आत्मम्भरितां मोचयति, चेतोवैमल्यं वितनुते, प्रभुत्वमाविर्भावयति; ततोऽसौ प्रादुर्भूतवीर्योल्लासः प्रणष्टरजोमोहः परोपकारकरणपरः पुरुषो जन्मान्तरेऽप्युत्तरोत्तरक्रमेण चारुतरं सन्मार्गविशेषमासादयति ॥

पुस्तक २० ] वीर संवत् २४४९ फाल्गुन. आत्म संवत् २७. [ अंक ८ मो.

ॐ

## तात्त्विक पुरुषार्थ.

( ગજલ સોયણી. )

(૧)

પુરૂષાર્થ કરતું પ્રેમથી છે પૂર્ણ તારા કામનો,
શાટ્રન કરે કૃત કર્મનું ઉપદેશતા જ્ઞાની જનો;
લૌકિક લોકોત્તર તણી સીડી તપાસી ચાલજે,
લૌકિક સંચિત મેળવે પુરૂષાર્થિ લોકોત્તર થજે.

(૨)

સંચિત સુકૃત ફ્લ છતાં પુરૂષાર્થ પ્રાણી માનતો,
દુષ્કર્મ ફ્લતા ભાવિનું તે દિન શરણુ સ્વિકારતો;
આનંદ શોક ન માનવો સુખ દુઃખમાં તે કારણે,
શમ ભાવથી વેદી કરો પુરૂષાર્થ જે જ્ઞાની ગણે.

વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શુદ્ધ દેવગુરૂની સેવાનો લાભ દુર્લભ કેમ કહ્યો છે ? તેમાં રાખવા યોગ્ય સાવચેતી.

૧ શુદ્ધ દેવ–વીતરાગ પરમાત્માને આદર્શ રૂપ લેખી પ્રતિદિન તેની દ્રવ્ય ભાવ સેવા–ભક્તિ કરવા સદાય લક્ષ જાતે રાખી બીજા ભવ્યજનોને તેવું કલ્યાણકારી લક્ષ કરાવવું.

૨ અંગ, વસ્ત્ર, મન, ભૂમિ, ઉપગરણ, ન્યાય દ્રવ્ય અને વિધિ એ સાતે પ્રકારની શુદ્ધિ સાચવવા પોતાથી બનતું કરી છુટવું.

૩ ગમે તેવી કિંમતી છતાં અશુદ્ધ જણાતી કે જણાયેલી વસ્તુ પ્રભુના અંગે ન લગાડવી.

૪ દ્રવ્યપૂજામાં રહેલા પવિત્ર હેતુ સમજવા પૂરતો ખપ કરવો અને તે બીજા ખપીને પણ સમજાવવા.

૫ પ્રભુની પાસે કે મંદિરમાં એક પણ દીવો ખુલ્લો રાખવો ન ઘટે. જયણા સચવાય તેમ તે ખાસ ફાનસ વિગેરેમાં સંભાળીને રાખવો જોઇએ.

૬ સોય ઘોંચીને પરોવેલા ફૂલોની માળા પ્રભુના કંઠે આરોપવી વ્યાજબી લાગતી નથીજ, આપણને એક કાંટો વાગ્યો હોય તે વ્યથા કરે છે, તો સોયના ઘોદા સુકોમળ ફૂલોને મારવા કેમ દેવાયજ. તે કરતાં છુટા સુગંધી ને તાજાં ફૂલ ચઢાવવા ઠીક છે.

૭ પાટણ શહેરમાં ઘણે ભાગે ઉપરનો સુધારો ઠીક દાખલ થયેલો જણાય છે. તે બીજા બધા જૈનોએ ધડો લેવા યોગ્ય છે. દીવાના સંબંધમાં યોગ્ય પ્રબંધ કરવા યથાયોગ્ય સૂચના કરી છે, તેનો વેલાસર અમલ થાય તો સારૂં.

૮ પ્રભુ દર્શન, વંદન, પૂજન કે સ્તવનાદિક પ્રસંગે બે સમજુ ભાઇ બ્હેનો ભારે કોલાહલ મચાવે છે. ખુબ જોશથી ઘંટ વગાડે છે અને ઘાંટા પાડી પાડીને રાગ રાગણી સમજ્યા વગર જેમ આવે તેમ ગાય છે, તેથી ખરા રસિક જનોને ક્ષોભ પેદા થાય છે. વળી અર્થ સમજી શકાય એવી અવસર ઉચિત સ્તવનો બીજા સાંભળનાર પણ ચકિત થઇ જાય તેવી સુંદર ઢબથી ગાતાં શીખવું જોઇએ. સાથે વિનય અને વિવેક વિસરાય નહીં પણ સારી રીતે સચવાવાં જોઇએ.

૯ મન એકાગ્ર કરી, શુદ્ધ–પવિત્ર વસ્ત્રાદિક સજી, અખંડ ઉત્તરાસંગ જનોઇ આકારે રાખી, પગરખાં વિ૦ ગઢ બહાર મૂકી, શુદ્ધ દેવ ગુરૂ સમીપે જવું. તેમનાં દર્શન થતાંજ અત્યંત આદર સહિત નમસ્કાર–પ્રણામ કરવા.

૧૦ પુરૂષોએ પ્રભુની જમણી બાજુએ અને સ્ત્રીઓએ ડાબી બાજુએજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહીને બધી ઉચિત કરણી કરી લેવી. પાછા ફરતાં પ્રભુને પુંઠ નહીં દેતા, પડખાના બારણેથી નીકળવું અથવા તો આદર સચવાય તેમ પાછા પગલે ચાલવું.

૧૧ એક પણ પુરૂષ કે સ્ત્રી પ્રભુને પુંઠ દઇને પાછાં ન ચાલે. આવા સભ્ય વર્તનથી બાળકો અને પૂજારીઓ પણ તેમ કરશે.

૧૨ શુદ્ધ દેવની જેવો શુદ્ધ ગુરૂનો આદર કરતાં સહુએ શીખવું. તેમનો ઉપગાર અથાગ છે. તેમનાથીજ ખરો માર્ગ પામી શકાય.

૧૩ શત્રુંજયાદિક તીર્થોની યાત્રા કરવાના અભ્યાસી જનોને ઉચિત છે કે તેમણે જંગમ તીર્થ સમાન પવિત્ર સાધુ સંતોનો યોગ્ય આદર કરવો–તેમનો લાભ લેવા ચુકવું નહીં. તેમનાં હિત વચનોને હૈયે ધરનાર સજ્જનો તેનો ખરો લાભ લહી શકે છે.

૧૪ ઉત્તમ વૈદ્યનાં વચન અનુસારે ચાલનાર રોગી જેમ જલ્દી રોગમુક્ત થઇ શકે છે, તેમ શુદ્ધ દેવગુરૂનાં એકાન્ત હિત વચનોને યથાર્થ અનુસરનારાજ પાપ રોગથી મુકત થાય છે.

૧૫ જન્મ મરણનાં આકરાં બંધનોથી મુક્ત થવા ઇચ્છનારાઓ એ ઉક્ત હિતવચનો લક્ષમાં લઇ, પ્રમાદરહિત તેનો આદર કરવો જરૂરનો છે. ઇતિશમ્

મુનિ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

# આપણા હૃદયને વિશાળ કરવાની–બનાવવાની જરૂર છે.

જિન–સર્વજ્ઞ–વીતરાગ પ્રણીત ધર્મને અનુસરનાર દરેક જૈન ભાઇબ્હેન ગૃહસ્થ હોય કે ત્યાગી હોય તેનું હૃદય ક્ષુદ્ર–સંકુચિત નહીં પણ વિશાળ હોવું જોઇએ. એમાંજ ખરી મહત્તા રહેલી છે. જેને સમ્યગજ્ઞાન ( તત્ત્વબોધ ) અને સમ્યગ્દર્શન ( સમકિત ) પરિણત થયેલ હોય તેને ઉક્ત વાત ભાગ્યેજ સમજાવવી પડે છે. તેનું વર્તનજ તેની આંતર ભાવનાની સાક્ષી ભરે છે. જયાંસુધી જીવને ખરૂં જ્ઞાન થયું નથી હોતું તેથીજ તેની શ્રદ્ધાનું કશું ઠેકાણું નથી હોતું ત્યાંસુધી તેનું વર્તન સશાસ્ત્ર કયાંથી હોઇ શકે ? ત્યાંસુધી તેના વર્તન ઉપર અનેક પ્રકારની કડવી ટીકા થવાનો સંભવ રહે છે. પરંતુ જ્યારે અંતરમાં ખરો જ્ઞાન દીપક પ્રગટે છે અને ખરૂં શ્રદ્ધાન જાગે છે, ત્યારે તેનું વર્તન પણ સીધું–સરલ–સશાસ્ત્ર બનવા પામે છે. એવું નિર્દંભ આચરણ કોણ ભવ્યાત્માને ન ગમે ? ગમેજ. અત્યારે શાસ્ત્ર વચનનું યથાર્થ રહસ્ય સમજવાની પણ ખેવના ઓછી થયેલી જણાય છે. નહીંતો થોડી પણ કરણી યથાર્થ રીતે કરાય તે જરૂર હિતકર અને આનંદકારક થવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામેજ. ‘ દયા ’ કે ‘ અહિંસા ’ પોકારવા માત્રથી કંઇ વળે નહીં. તેમજ શાસ્ત્રથી ઉલટી સ્વમતિ કલ્પિત દયાવડે પણ હિત થઈ શકે નહીં. દયા કે અહિંસા સશાસ્ત્ર એટલે ડહાપણ ભરીજ હોવી જોઇએ. તેવી દયાથીજ હૃદય મૃદુ–કોમળ અને વિશાળ બની શકે. બધો વ્યવહાર પણ એવોજ ડહાપણ ભર્યોજ હોય કે તે સુજ્ઞ જનોને પ્રશંસનીયજ બને. ખરા દયાળુ ભાઈબ્હેનો જમીન ( ભૂમિ ) શુદ્ધ કરવા માટે ખજૂરીની વાસંદી નજ વાપરી શકે. ખાનપાનમાં ભારે ચોખ્ખાઈ રાખે, અંગ અને વસ્ત્રની શુદ્ધિ પણ સાચવે, તેમજ ન્યાય–નીતિથીજ કમાણી કરે. એવા શુદ્ધ ન્યાય દ્રવ્યથીજ દેવગુરૂ ધર્મની સેવા ભક્તિ કરે. સ્વધર્મી જનોની, દુ:ખી જનોની બનતી સેવા–ચાકરી કરે. દુ:ખી પશુઓનું પાલન કરે તે કરતાં દુ:ખી માનવોનો ઉદ્ધાર કરવા કશી કચાશ નજ રાખે. વિવેકવડે સર્વ ઉચિત આચરણ કરેજ. ઇતિશમ્.

મુનિ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

# ધર્મ–જીવનના માર્ગમાં રહેલા વિઘ્નો.

જ્ઞાની પુરૂષોએ ધર્મના માર્ગને અત્યંત કઠીન–દુર્ગમ અને તરવારની ધાર જેવો વર્ણવ્યો છે. એ ઉપરથી કેટલાક ઓછી સમજવાળા બંધુઓ એમ માને છે કે ધર્મ પ્રાપ્તિ માટે ઘણા શાસ્ત્રો વાંચવા જોઇએ, તેને સમજવા માટે સંસ્કૃત, માગધી, પાલી વિગેરે પ્રાચીન ભાષાઓ શીખવી જોઇએ, જુદા જુદા વિદ્વાનોની શાસ્ત્રના અર્થ સંબંધી ટીકાઓ, ભાષ્યો, વૃત્તિઓ, ચુર્ણીઓ વિગેરેનું અધ્યયન કરવું જોઇએ, તેમજ તે બધું સમજ્યા પછી અનેક પ્રકારના વિકટ, દુસહ્ય વૃત, તપ, અનશન આદિ આચારોનું સેવન કરવું જરૂરનું છે, તેથી તે માર્ગને તરવારની ધાર જેવો દુર્ગમ વર્ણવેલો છે. વસ્તુત: એ બધું નિષ્પ્રયોજન નથી, પરંતુ ધર્મ વસ્તુ બહાર નથી; અંતરમાં છે, અને તેની શોધ બહારના પાના પુસ્તકોમાં કરવાથી મળે તેમ નથી. તેથી ધર્મના માર્ગની કઠીનતા અને દુર્ગમતા બહારથી ભેગી કરવાની સામગ્રીને ઉપલક્ષીને વર્ણવેલી નથી, અગર કોઇ પ્રકારના શારીરિક માનસિક કે આધ્યાત્મિક કષ્ટો ઉઠાવવાની આવશ્યક્તાને ઉદ્દેશીને પણ નથી કહેલી.

ધર્મ–જીવન અગર ધર્મના માર્ગના અંગે જે ભય અગર વિષમતા રહેલી છે તે બીજાજ પ્રકારની છે અને તે ભય, આપણા અંતરમાં કોઇ પ્રકારના ધર્મ વિરોધી ભાવોનો પ્રવેશ થવા ન પામે તેને ઉદ્દેશીને રહેલો છે. ધર્મ–માર્ગ ઉપર સ્થિર રહેવું એ નટના ખેલ જેવું છે. નટ માથે જળથી ભરેલું પાત્ર લઇ સામસામાં બે વાંસ ઉપર રાખેલી દોરડી ઉપર ચાલે છે, ત્યારે તેને જેવી કાળજી અને સતર્કતા રાખવી પડે છે, તેવીજ અને તેથી અધીક ચીવટ ધર્મના પથીકને રાખવી પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૃષ્ટિમાં અસ્થિરતા વિકળતા અગર વિહ્વળતા આવતા નટને જેમ સ્થાન ભ્રષ્ટ થવાની સંભાવના છે, તેમ ધર્મ માર્ગમાં ગતિ કરનાર મુમુક્ષુને તેના ચિત્તની સ્થિતિ સંભાળવાની નિરંતર જરૂર રહે છે. આ કાળજી અને સતર્કતા રાખવાની જરૂરને લીધેજ ધર્મના માર્ગને વિકટ દુર્ગમ અને તરવારની ધાર જેવો આકરો કહ્યો છે. તેને પગલે પગલે ભ્રષ્ટ થવાની સંભાવના છે, તેના અંતરમાં ધર્મ-વિરોધી અસાર ભાવનાઓ પ્રવેશવા ન પામે તે માટે તેને પ્રત્યેક પગલે કાળજી રાખવાની જરૂર છે. આ માર્ગમાં જે અનેક વિઘ્નો અગર ભય રહેલા છે તેમાંથી કેટલાકનો અત્રે વિસ્તારથી ઉલ્લેખ કરીશું:—

પ્રથમ લોકાનુરાગ અગર લોક-દૃષ્ટિનો છે. જનસમાજમાં રહીને હું જે વખતે ધર્મના કાર્યો કરૂં તે વખતે સહુની નજર મારા ઉપર રહે, તેઓ મને ધર્મશીળ સજ્જન ગણે, લોકોની જાણ બ્હાર રહીને મારૂં ઉત્તમ કાર્ય બેકદર રહી ન જાય એવી નિકૃષ્ટ વૃત્તિ આપણામાં ઘણીવાર રહી જાય છે. જેના હૃદયમાં લોકાનુરાગ અગર લોકોની વાહવાહ મેળવવાની લાલસા રહેલી છે તેના ધર્મ માર્ગમાં મહાન વિપત્તિ રહેલી છે. આ વૃત્તિમાં કેટલી ધર્મ-વિઘાતક શક્તિ રહેલી છે તે ઘણા બંધુઓ સમજતા નથી, તેથી તે પ્રત્યે ઉપેક્ષા રાખે છે. જગતમાં આ શ્રેણીના ઘણા મનુષ્યો છે, જેઓ નિરંતર ધર્મનો અભિનય નિભાવે છે, તેમના હૃદયમાં લોક-પ્રશંસાની એવી પ્રબળ શક્તિ રહેલી હોય છે કે આસપાસના પાંચ પચીશ માણસો જેવા પ્રકારે ચાહે તેવાજ પ્રકારે તેમના ધર્માચારનું સ્વરૂપ રચાઇ જાય છે. લોકોની વાહવાહથી તેનું ચિત્ત નાચી ઉઠે છે. જેમ જેમ લોકોના વાહવાહનો ધ્વનિ વધતો જાય છે તેમ તેમ તેમના ધર્મ-નાચની માત્રા વધતી જાય છે. લોકોની વાહવાહ ધ્વનિ તેમના કર્ણમાં નિરંતર ગુંજાર કરતી રહે તે પ્રકારનું તેમનું હૃદય-બંધારણ થઇ જાય છે. લોકોની વાહવાહ મેળવવાની વૃત્તિ આપણા સર્વના અંતરમાં કેવી પ્રબળપણે રહેલી છે તે સહુ પોતાના અંતરની પરીક્ષા કરી જાણી શકે તેમ છે. લોક-પ્રશંસાની એવી અદ્ભૂત શક્તિ છે કે તે મેળવવા માટે વિશ્વમાં અનેક સ્થળે મહદ્ કાર્યો થયા છે. એના પ્રભાવથી આશ્ચર્યજનક સાહસ, અદ્ભૂત સ્વાર્થત્યાગ, ઘોર વૈરાગ્ય, કઠોર તપસ્યા, વિષમ વૃત-પાલન આદિ ઉપજી આવ્યા છે. અમુક પ્રકારના આચારથી વસ્તુત: આત્મ-કલ્યાણ કે જન-શ્રેય થાય તેમ છે કે નહી ? તેનો કાંઇ હીસાબ રાખ્યા વગર લોક-પ્રશંસાની મોહિની શક્તિથી આકર્ષાઇને અનેક જનોએ વિસ્મયકારક કાર્યો કર્યાં છે. જેમ નાટકના તખતા ઉપર અભિનય કરનાર અભિનેતા, શ્રોતૃ વર્ગના તાલી ધ્વનિથી ઉત્તેજીત થઇને બેવડા જોસથી પોતાનો અભિનય વિસ્તારે છે, અને પોતાનો શ્રમ ભૂલી જાય છે, તેમ લોક-પ્રશંસા અને વાહવાહના ધ્વનિથી પ્રેરાઇને આપણે લોકોએ માન્ય કરેલા માર્ગમાં બેવડા જોસથી દોડીએ છીએ. લોક-પ્રશંસાના પ્રભાવથી આપણો શ્રમ ભૂલી જવાય છે. મદ્રાસ તરફના જંગલી લોકો એક પ્રકારના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



devil dance નામની ક્રીડા કરે છે તે વખતે તેઓ મોઢામાં અગ્નિ રાખે છે. તે વખતે આસપાસના લોકોના વાહવાહ ધ્વનિથી તેઓ એટલા બધા મુગ્ધ અને અભિભૂત થઈ જાય છે કે અગ્નિની દાહક શક્તિનું તેઓ ભાન ભૂલી જાય છે. વાહવાહની શક્તિના પ્રભાવથી કાંઇક સ્ત્રીઓએ પોતાના પતિઓના મૃત–દેહ સાથે સતિ થઈ સહ–મરણ આદરેલું છે, કાંઇક યોદ્ધાઓમાં શૌર્ય અને વીર્યનો સંચાર કરેલો છે, કાંઈકમાં વૈરાગ્ય અને ધર્મ–ભાવ જગાવ્યા છે. કાંઈકે પોતાની લક્ષ્મી લુંટાવી છે, કાંઇકે ઘરબાર કુટુંબ અને વૈભવ વિલાસનો ત્યાગ કર્યો છે. લોકોની વાહવાહથી પ્રેરાઇને કાંઈક જનોએ અશકય કાર્યો કર્યા છે. પરંતુ એ બધું નાટકના અભિનય જેવું સમજવું. એવી લોક - પ્રશંસાની વૃત્તિથી પ્રેરાઇને કરેલા નાટકી કાર્યો આપણા ધર્મ–જીવનનો નાશ કરનારા છે. જેમને પોતાના ધર્મ–જીવનને સાર પૂર્ણ, સ્થિર, નિક્ષેપ, અને ઉચ્ચતમ પ્રકારનું ઘડવું છે, તેમણે લોક–દૃષ્ટિના પ્રભાવથી પોતાની જાતને મુક્ત કરી નાખવી જોઈએ. જેમના હૃદયમાં લોક દૃષ્ટિનો ભય અગર પ્રીતિ છે, તેઓ પોતાનું કે પારકું કોઇનું શ્રેય કરી શકતા નથી એ વાસના જયાં સુધી આપણા હૃદયમાં કાર્ય કરે છે, ત્યાં સુધી આપણે નિર્મળ નથી, પણ મળ–યુક્ત છીએ, મુક્ત નથી પણ પરવશ છીએ; લોક–પ્રશંસાની ગુલામગીરીનો બોજો માત્ર ઉઠાવીએ છીએ. આપણા હૃદયમાં નિરંતર એમજ રહ્યા કરે છે કે " લોકો મને કેવા ભાવથી નિહાળે છે ? " " હું જે આ બધું ધર્મ–કાર્ય કરી રહ્યો છું તે લોકો બરોબર જાણે છે કે મારો શ્રમ નકામો માર્યો જાય છે ? " ધર્મ–સાધન કરતી વખતે બીજા બંધુઓ આપણને કેવા ભાવથી નિહાળે છે તે વાત તદન ભૂલી જવી ઘટે. ધર્મ–સાધન એ અંતરની ઘટના છે, લોકદૃષ્ટિથી તેનો નિર્ધાર થવો ન જોઇએ. તે વખતે આપણે લાખો મનુષ્યોના સમાજમાં હોવા છતાં આપણે જાણે નિર્જન અરણ્યમાં હોઈએ, અને કોઇ આપણને જોતુ નથી એમ માનવું ઘટે. લોક–દૃષ્ટિનો પ્રભાવ આપણા ચિત્ત ઉપર કાર્ય કરી રહ્યો છે કે નહી તે આપણે બરોબર કાળજી પૂર્વક જોવું જોઇએ. પરીક્ષાથી જો એમ જણાય કે આપણા અમૂક ધર્મ–કાર્યમાં લોક–દૃષ્ટિ લોકાનુરાગ અગર તે પ્રકારની અન્ય વાસનાઓનો ફાળો છે, તો આપણે માની લેવું કે એ કાર્ય ધર્મ–કાર્ય નથી; પરંતુ તેથી કાંઇક વિપરીત કાર્ય છે. પ્રભુ પ્રત્યેની પ્રવંચના છે. અત્યાર સુધીમાં આપણે જે કાંઈ કાર્યો તન, મન અગર દ્રવ્ય વડે લોક પ્રશંસાથી પ્રેરાઇને કર્યાં હોય, અને તેને ધર્મ–કાર્ય માની આપણા ધર્મ ખાતામાં જમે કર્યાં હોય તો તે તુર્તજ ઉધારી નાખવા જોઈએ; કેમકે પ્રભુના ચોપડામાં એ આપણા ખાતે જમા નથી થતા. વિશુદ્ધ સ્વ–પર કલ્યાણની દૃષ્ટિએ જે કાંઇ થાય છે તેજ ધર્મ–કાર્ય છે.

ધર્મના માર્ગમાં બીજો ભય ભાવ પ્રવણુતા અથવા આવેગમયતાનો છે. એને લઇને મનુષ્ય એકપણ સાધનક્રમમાં સ્થિર રહી શકતો નથી. કોઇ ગ્રંથમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તપનું માહાત્મ્ય વાંચવામાં આવે કે તુર્તજ એકટાણા, ઉપવાસ, આદિ કરવા મંડી પડે છે. વળી થોડા દીવસ પછી વ્રતનો મહીમા સાંભળ્યો એટલે અનેક પ્રકારનાં વ્રત આદરે છે. અમુક કાળ પછી કોઈના મુખે યૌગિક સિદ્ધિઓની વાતો જાણવામાં આવે એટલે યૌગિક પ્રક્રિયાઓ સાધવા વળગી પડે છે, એ પ્રકારે પોતાનો અધિકાર, શક્તિ, આદિ સમજ્યા વિના જે જે કાળે ને જે આવેગ કે ભાવ હૃદયમાં ઉછટ્યો તે તે વખતે ગમે તેવું તેનું આચરણ આરંભી દે છે. પરંતુ એકે સાધનને સમજણ પૂર્વક ગ્રહીને સાંગોપાંગ ઉતારતો નથી. માનવ-જીવનમાં ધર્મનો સંચય આ પ્રકારે અધીરાઈ પૂર્વક ભાવાવેશથી આરંભેલા સાધનોથી બનતો નથી. શાસ્ત્રો અને અનુભવ એ સંબંધમાં એમ કહે છે કે જેમ કીડી પોતાનો રાફડો કણ કણ ધુળ ભેગી કરીને ચણે છે, તેમ મનુષ્ય પણ પોતાનું ધર્મ-મય ચારિત્ર્ય ધીરે ધીરે ગુણ-સંચય અને દોષોના પરિત્યાગ વડે કરે છે. ધીમે ધીમે પ્રયત્ન પૂર્વક અતિ આયાસથી, ઘણા કાળના અભ્યાસથી ઘર કરી રહેલા દોષોનું સંશોધન કરી, તેનો પરિત્યાગ કરી, તે સ્થાને સદ્ગુણોનું ઉપાર્જન કરવું જોઈએ. જે માણસોમાં તલસાપડતા, અધિરાઈ, ક્ષણિક ભાવનો ઉભરો છે ત્યાં સ્થાયી ફળ કશું હોતું નથી. તેવા પ્રયત્નનું પરિણામ હમેશા નિરાશા, ખાલીશ્રમ, અને દુર્બળતામાંજ આવે છે. ધર્મ-સાધન તેવા પ્રયત્નો વડે કદી થતું નથી. ધર્મના માર્ગમાં આગળ વધેલા અનુભવીઓની એવી સલાહ છે કે કોઈપણ સાધન-પંથનું અવલંબન કરીને ઘણો કાળ તેનું ધૈર્યપૂર્વક પરિપાલન કરવું જોઇએ. શુભ સંકલ્પ પૂર્વક કોઇ ઉત્તમ સાધનમાં હાથ નાખ્યા પછી તેમાં લાગ્યા રહેવું જોઈએ. જેના અંતરમાં આવેગનું પ્રાધાન્ય અધિક પ્રમાણમાં છે, તે કોઈ પણ આચાર વિચાર કે સાધનમાં સ્થિર રહી શકતો નથી. એકપણ કાર્ય સફળતાની દીશામાં થોડી ઘણી ગતિ કરે તે પહેલા બીજો નવો પ્રસ્તાવ ખડો થાય છે, અને તેની ભાવ-મયતા તેને તે પ્રસ્તાવ ભણી ખેંચી જાય છે. આજે અમુક કાર્ય અગર સાધન સામગ્રી પોતાના અને પારકાના કલ્યાણ માટે યોગ્ય ભાસી અને તે પ્રમાણે કરવા લાગી ગયા, કાલે તે બધું જુનું, નિરસ, સારહીન અને કંટાળાભરેલું જણાવા માંડે છે. વળી બીજો કાંઇક આકર્ષક પ્રસ્તાવ રસીક, સારપૂર્ણ, આનંદપ્રદ ભાસે છે. તેમાં થોડા દીવસ દીલોજાનીથી લાગી પડાય છે, અને થોડા કાળ પછી તેનું પણ તેવુંજ નિર્માણ બની આવે છે.

આવી પ્રકૃતિ આપણને અત્યંત વિઘ્નકારક અને વિપત્તિમાં લઇ જનાર થઇ પડે છે. એક મહાન ઉદ્દેશને અંતરમાં ધારણ કરી, તેને સિદ્ધ કરવા માટે દીર્ઘકાળ તેના ઉપર આત્મ શક્તિનો પ્રયોગ કરી તેને સફલ કરવા આપણા ચારિત્ર્યમાં દ્રઢતા અને સાર પૂર્ણતા આવે છે. જેઓ આવેગના જોસથી ક્ષણમાં આ દીશામાં અને ક્ષણમાં પેલી દીશામાં ઘસડાયા કરે છે, તેમના ચારિત્ર્યમાં કશું બળ કે પ્રભાવ ઉત્પન્ન થતા નથી. આવી ભાવમય પ્રકૃતિવાળા મનુષ્યો પોતાને અને પારકાને લાભ કરતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નુકશાન વધારે કરે છે. તેઓ એક સ્થિર રહી શકતા નથી, તેમને હરરોજ નવું નવું જોઇએ છીએ, એકને એક વાતમાં લાગ્યા રહેવામાં તેનું મન થાકી જાય છે. આ પ્રકારની પ્રકૃતિએ આજકાલ આપણા દેશની રાજકીય પ્રગતિને મોટો ધક્કો પહોંચાડયો છે. મહાત્મા ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમમાં દેશ અને વ્યક્તિ ઉભયનો સાચો ઉદ્ધાર રહેલો હતો, અને મહાત્માજીની મુકત સ્થિતિમાં લોકોને તે તરફ ઉત્સાહ ભાવ હતો, પરંતુ એ ભાવ લાંબો કાળ નભી શકયો નહી, દેશના અમુક વર્ગે બુમ પાડવા માંડી કે " ભાઇ, એ કાર્યક્રમ કે દહાડે પુરો થાય, અને કયારે અમે સફળ થઇએ ? હવે એ કાર્યક્રમમાં અમને મુદ્દલ રસ પડતો નથી, કાંઇક રસ પડે તેવું, ભાવને ઉત્તેજીત કરે તેવું નવું નવું આપો. " આથી દેશની સાચી પ્રગતિમાં ભંગાણ પડયું, અને ખરેખરી ફાયદાકારક સાધન પ્રણાલી આજે અવગણના પામી લોકોની દૃષ્ટિમાંથી વેગળી પડી ગઇ. આમ થવાનું કારણ એજ છે કે આપણા માંહેના ઘણાખરા ભાવનાના આવેશવાળા છે, ભાવનું જોસ ટકે ત્યાં સુધી તેમાં મચી પડે, થોડા દિવસ પછી થાકીને ઢીલા પડી જાય, અને વળી થોડા દિવસ વીત્યે તે જુની વાતને વીસારી પાડી કાંઇક નવુંજ આરંભી બેસે. આવા લોકો ભાવનાની સૃષ્ટિમાં બેઠા બેઠા અદ્ભૂત ઠાઠ રચે છે, કલ્પનાની ચક્ષુએ પોતાને અને સર્વને ઉચ્ચત્તમ અવસ્થામાં કલ્પે છે, પરંતુ વસ્તુતઃ તેવા થવા માટે, ધીરજ પૂર્વક પ્રયત્ન ઉઠાવીને અમુક દોષોનો ત્યાગ અને અમુક ઉત્તમ ટેવો અને ગુણોનું ઉપાર્જન કરવા જેટલું સામર્થ્ય સ્ફુરાવી શકતા નથી. આવા લોકો આવેગને લીધે ભાવથી ઉત્કૃષ્ટ બની શકે છે, પરંતુ વસ્તુતઃ વ્યવહારમાં બાળકથી પણ નિર્બળ હોય છે. તેમના જીવનમાં શાંતિ, સ્થિરતા, દૃઢતા, સબળતા, પ્રભાવ આદિ કશું રહી શકતું નથી. સમુદ્રમાં એક લાકડાનું પાટીયું આમથી તેમ મોજાના મારથી જેમ અથડાય, તેમ તેઓ ભાવના આવેગથી આંહીથી તહીં અને આ સાધનથી પેલા સાધન તરફ અથડાયા કરે છે; તેઓ ભલા હોય છે, પણ સબળ નથી હોતા, તેઓ નીતિમાન હોય છે, પરંતુ લાલચો સામે ટકી રહેવા માટે દૃઢ પ્રતિજ્ઞાવાળા હોતા નથી. આપણે આપણા ચારિત્ર્યમાંથી આવી ભાવના–પ્રધાન પ્રકૃતિને વિસર્જન કરવી જોઇએ.

ધર્મ–માર્ગમાં ત્રીજો ભય ધર્મશાસ્ત્રોના માત્ર વાંચનનો છે. આ વાત વાંચીને કેટલાક શાસ્ત્રાનુરાગી બંધુઓને નવાઇ લાગશે. તેઓ બોલી ઉઠશે કે, " સાધુજનો પોતાના ધર્મ–જીવનની સહાયતા માટે જે શાસ્ત્રોનું નિરંતર અધ્યયન કરે છે, અને જેનું વાંચન મનન કરવાનો આપણને ઉપદેશ આપે છે, તે શાસ્ત્રો શું આપણા ધર્મ–માર્ગમાં ભય રૂપે છે ? તો તેના ઉતરમાં એજ કે કેટલાક માણસો ધર્મશાસ્ત્રોના જ્ઞાનનેજ માત્ર ધર્મ માની લે છે; તે કારણથી તે ભયરૂપ છે. ખરૂં છે કે જ્ઞાની જનોના વચનો માત્ર મોઢે કરવાથી અને ધર્મ શાસ્ત્રોનું પઠન પાઠન કરવાથી આપણે ઘણી વાતો જાણી શકીએ, પરંતુ એટલા ઉપરથી આપણે ધાર્મિક થયા એમ માનવું એ ભ્રાન્તિ છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ધર્મના માર્ગમાં જે ભ્રાન્તિ એજ મોટામાં મોટો ભય છે. માણુસ જેમ દુનીયાની ભૂગોળ મોઢે કરે તેટલા ઉપરથી તેણે દુનીયામાં મુસાફરી કરી મનાય નહિ, તેમ માત્ર શાસ્ત્રો મોઢે કર્યા અગર જાણ્યા, તેથી તે કાંઇ ધાર્મિક બન્યો ગણાય નહિ. અલબત્ત જેમ ભૂગોળનું પાકું જ્ઞાન દુનીયાની મુસાફરી કરવા ઇચ્છનારને અત્યંત સહાયક છે તેમ શાસ્ત્રોનું જ્ઞાન ધર્મના માર્ગમાં ગતિ કરવા ઇચ્છનારને આવશ્યક છે; પરંતુ ભૂગોળનું જ્ઞાન એજ જેમ ખરો વિશ્વ પ્રવાસ નથી, તેમ શાસ્ત્રજ્ઞાન એજ કાંઈ ધર્મ નથી. ઘણા મનુષ્યો શાસ્ત્રજ્ઞાન અને ધર્મ વચ્ચે ઘણો નિકટનો સંબંધ માને છે,પણ વસ્તુતઃ તેમ નથી; ઘણા શાસ્ત્રજ્ઞોની અને વાસ્તવિક ધર્મની વચ્ચે કરોડો ગાઉનું અંતર હોય છે. ધર્મે તેમના જીવનને લેશ પણ સ્પર્શ કર્યો હોતો નથી. શાસ્ત્ર એ બુદ્ધિ અને સ્મૃતિનો વિષય છે, ધર્મ એ જીવનનો ને ચારિત્ર્યનો વિષય છે. ઘણા શાસ્ત્રજ્ઞો પોતાની અભિજ્ઞતાને લીધેજ ધાર્મિક હોવાનું માને છે એ ભ્રાન્તિ છે. પકવાનના નામ જાણવાથી જેમ તે માંહેનું એક પકવાન મોઢામાં આવતું નથી, તેમ શાસ્ત્રો જાણવા માત્રથી કાંઇ ધર્મ થઈ જતું નથી; માત્ર ધર્મના પિપાસુને શાસ્ત્રજ્ઞાન ઉપયોગી, પથ-દર્શક અને સહાયક થાય છે એટલું જ છે. પકવાનના નામ જાણ્યા પછી તેને પ્રયત્નપૂર્વક બનાવી લેવાની મહેનત જેમ બાકીજ રહે છે, તેમ શાસ્ત્રો જાણ્યા પછી તે અનુસાર જીવનને ઘડી તેમાં ધર્મ ભરવાનું કામ તો બાકીનું બાકી જ રહે છે. આથી શાસ્ત્રોને ધર્મ માની લેવાની ભ્રાન્તિમાં ન પડવા સામે આપણે ચેતવું જોઈએ.

ધર્મ-પ્રાપ્તિના માર્ગમાં ચોથો ભય બુદ્ધિનો છે. દરેક દેશકાળમાં બુદ્ધિમાન પુરૂષો કાર્ય-કુશળ, વક્તા, લેખક, યુક્તિપૂર્વક દલીલોથી પોતાની વાતને સામાના મન ઉપર ઠસાવવાની શક્તિવાળા અને સમાજના નેતા હોય છે. જગતના લોકો તેમની કાર્ય-શક્તિ, ભાષણો, ચાલાકી વિગેરે જોઇને તેમના આધિન બની જાય છે, અને તેમને મોટા માણસ તરીકે સ્વીકારે છે; લોક-સન્માનથી પ્રેરાઇને આવા પ્રકારના બુદ્ધિમાનો પોતાનું ભાન ભૂલી જાય છે. તેઓ એમ માને છે કે લોકોમાં મારૂં જે સન્માન છે તે, તેમજ મારી વિદ્વતા, વાગ્મિતા, લેખન-શક્તિ આદિ સર્વ મારી આધ્યાત્મિક શ્રેષ્ટતાના ફળરૂપ છે. બુદ્ધિના કાર્યને તેઓ આત્મિક વિકાસ માની લે છે, અને જગત પણ તેમ માનવા લાગી જાય છે. જે સમાજમાં સાચી આધ્યાત્મિકતાના સ્થાને આવી બુદ્ધિમત્તાએ સ્થાન મેળવ્યું છે, તે સમાજ અજ્ઞાતપણે છેતરાય છે. બુદ્ધિનો વિલાસ એ આધ્યાત્મિકતા નથી; તેથી જ્યાં જ્યાં તર્ક, ન્યાય, યુક્તિ, દલીલો, મનોરંજક વકતૃતાઓ આદિ જોવામાં આવે ત્યાં ત્યાં આધ્યાત્મિકતા સ્વીકારી જ લેવી એ ભ્રાન્તિ છે અને તે સામે આપણે ચેતવાનું છે. જેમ ધન-બળ એ આધ્યાત્મિકતા નથી તેજ પ્રકારે મન અગર બુદ્ધિબળ એ પણ આધ્યાત્મિકતા નથી, એથી બુદ્ધિના ધારક પુરૂષોએ, તેમજ સમાજે તેવા સ્થાને આધ્યાત્મિકતા કલ્પી લેવાની ભૂલ કરવા જેવું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજી રીતે પણ બુદ્ધિ એ ઘણીવાર આધ્યાત્મિકતાની વિરોધી થઇ પડે છે. જ્યારે બુદ્ધિ આધ્યાત્મિકતાથી પ્રેરાઇને પ્રવૃત્તિ કરતી નથી ત્યારે તે ઘણીવાર આત્માની અધોગતિનું નિદાન બને છે. મનુષ્યને તે જડવાદી બનાવે છે, ભૌતિક સુખોની સામગ્રીઓ એકત્ર કરવામાં તે સહાયક બની મનુષ્યને તે સુધરેલું જાનવર બનાવી મૂકે છે. જે ભોગોપભોગ અગર વિલાસને બુદ્ધિહીન મનુષ્ય કુદરતી આનંદથી ભોગવે છે, તેજ ભોગોપભોગ અને વિલાસના સાધનોને બુદ્ધિમાન પોતાની બુદ્ધિના પ્રભાવથી અત્યંત ઉત્કટ રાગપૂર્વક, તીવ્ર રસથી વેદે છે અને એ પ્રકારે સ્નીગ્ધ મોહનીય કર્મ પ્રકૃતિ ઉપાર્જે છે. હાલમાં ચોતરફ જે વિગ્રહો અને તેને લીધે કરોડો મનુષ્યોની ખુવારી થાય છે તેના મૂળમાં આ પ્રકારથી આધ્યાત્મિકતાથી વીખુટી પડેલી બુદ્ધિજ છે. એ બુદ્ધિથી ઉત્પન્ન થયેલું વિજ્ઞાન લોકોની સેવામાં યોજાવાને બદલે લોકોના સંહારમાં યોજાયું છે. આધ્યાત્મિકતા સાથે સંકળાયેલી બુદ્ધિ જનસમાજનું તેમજ પોતાનું શ્રેય કરે છે, ત્યારે આધ્યાત્મિકતાથી વિયોગ પામેલી નરી બુદ્ધિ તેનું પોતાનું અને આસપાસનું સર્વનું અકલ્યાણ કરે છે. હાલની યુરોપની સંસ્કૃતિનો મોટામાં મોટો દોષ આ નરી બુદ્ધિમત્તાનો છે. સારા નશીબે હિંદે તેનો પૂર્ણ માત્રામાં સ્વીકાર કર્યો નથી, અને તેમ કરવાના ક્રમ ઉપર લાંબો માર્ગ કાપતા પહેલાં મહાત્મા ગાંધીજીએ હિંદને એ અનિષ્ટ ભાવિમાંથી ઉગારી લીધું છે. અને તેને તેના પ્રાચીન સનાતન આધ્યાત્મિક માર્ગ ઉપર મૂકી દીધું છે. આધ્યાત્મિકતાથી વિમુખ થયેલી બુદ્ધિમત્તા કરતા મૂર્ખતા વધારે શ્રેયસ્કર છે. કેમકે તેનામાં સાહજીક કુદરતી વૃત્તિઓ હોય છે, અને તે મનુષ્યને અધઃપતનમાંથી ઉગારી લે છે.

બુદ્ધિનો બીજો દોષ સંશય–બહુલતા છે. આત્માને તે કોઇ માર્ગ ઉપર ટકવા દેતી નથી. પગલે પગલે અનેક તર્કવિતર્કો કર્યા કરે છે. ઇશ્વર–શ્રદ્ધાથી વારંવાર ચલિત કરે છે, સ્થૂલ શિવાયની અન્ય સર્વ આંતરિક અને પારલૌકિક ઘટનાઓ સંબંધે તેને નાસ્તિક અને શ્રદ્ધાહીન બનાવે છે. બુદ્ધિ એ શ્રદ્ધા અને સહજોપલબ્ધિ (Intuition) ને આધિન રહેવી જોઇએ, તેને બદલે જ્યારે શ્રદ્ધાનો નિર્ણય તર્ક વિતર્કથી અને યુક્તિ પ્રયુક્તિ થાય અને અંતરના ગંભીર અને સાહજીક અનુભવો તેમજ સ્ફુરણોની વિરોધી થાય ત્યારે તે મનુષ્યના ધર્મ–માર્ગમાં વિઘ્નરૂપ બને છે.

આ ઉપરથી એમ સમજવું યોગ્ય નથી કે બુદ્ધિ એ માનવ જીવનમાં આકાર અને નિરર્થક વસ્તુ છે. એથી ઉલટું અમે એમ માનીએ છીએ કે બુદ્ધિ જ મનુષ્યને તેના ધર્મના માર્ગમાં સ્થિર રાખે છે. પરંતુ સરત એટલી કે એ બુદ્ધિની પ્રવૃત્તિ આધ્યાત્મિકતા વડે પ્રેરાયેલી, અર્થાત્ ધર્માનુસારિણી હોવી જોઇએ; જો તેમ ન હોય તો તે મનુષ્યનું પોતાનું અને આસપાસ સર્વનું અહિત કરનારી થઇ પડે છે. શસ્ત્રનો ઉપયોગ જેમ દુશ્મનોનો નાશ કરવામાં થાય છે તેજ પ્રકારે આત્મઘાત કરવામાં પણ થાય છે, તેજ પ્રકારે બુદ્ધિનો ઉપયોગ પણ આપણા અંતર બહાર રહેલા અનિષ્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્વોના વિનાશ અર્થે પણ થાય છે, અને આપણા તેમજ પરના અહિત અર્થે પણ થઇ શકે છે. આ સ્થળે બુદ્ધિ સામે અમે ફરીયાદ કરતા નથી; પરંતુ નાસ્તિક અને સ્વચ્છંદગામી બુદ્ધિના પ્રવર્ત્તન ઉપર ટીકા કરીએ છીએ. આપણે ચેતવાનું છે તે બુદ્ધિની વિપથગામી પ્રવૃત્તિ સામે છે.

ધર્મના માર્ગમાં શેષ ભય કાર્ય-બહુલતાનો છે. મનુષ્યના જીવનને બે દિશાઓ હોવી જોઇએ. એક આત્મચિંતવન અને આત્મપરીક્ષા અને બીજી કર્ત્તવ્ય-સાધન અને લોકસેવા. જે જીવનમાં માત્ર બહારના જ કાર્યની બહુલતા અને ભરપૂરતા છે, અને આંતરિક વિચારણાનો અવકાશ નથી, તેના જીવનમાં કોઇ પ્રકારની ગંભીરતા, અગર ધર્મ-જીવનની ગાઢતા આવી શકતી નથી. આથી સાચા ધર્મ-પરાયણ સજ્જનના જીવનમાં બન્ને દિશાઓ હોવી ઘટે. લોકોની ભીડ અને નિર્જનતા, નિવૃત્તિ અને પ્રવૃત્તિ, ચિંતવન અને કાર્ય એ ઉભયનો સમાવેશ જોઇએ. આત્માની ઉંડાણમાં રહેલા બહુમૂલ્ય રત્નો એકાંતમાં ધ્યાન, વિચારણા અને ચિંતવનવડે પ્રાપ્ત થાય છે. અને તેનો ઉપયોગ આપણા પોતાના ચારિત્ર્યને ઉત્તમ પ્રકારે ઘડવામાં અને આસપાસના સમુદાયના કલ્યાણ માટે થાય છે. જેના જીવનમાં ચિંતવન, એકાંતવાસ અને નિર્જનમાં ધ્યાન કરવાનો અવકાશ નથી તે જીવન ક્ષુલ્લક, ઉપરચોટીયું, નિશ્ચયહીન, અસ્થિર, વિકળ, અને અસ્થિર મનુષ્ય જેમ બહારથી કમાઇ લાવી ઘરમાં તેનો ઉપયોગ કરે છે; તેજ પ્રકારે તેણે આત્માના અભ્યંતર પ્રદેશમાં ઉતરી ત્યાંથી મૂલ્યવાન રત્નો ઉપાર્જન કરી તેના પોતાના અને પરના ઉપયોગ માટે વાપરવા જોઇએ. તેણે હમેશાં એવો થોડો વખત કાઢવો જોઇએ કે જ્યારે એકાંતમાં, નિર્જનમાં, નિર્મળ વાતાવરણમાં, અક્ષુબ્ધ ચિત્તે તેણે પોતાની આત્મ પરીક્ષા કરવી જોઇએ, પોતાના ચારિત્ર્યમાં ખુટતા તત્વો દાખલ કરી તેને નિભાવવાનો સંકલ્પ કરવો જોઇએ, પોતાના જે જે દોષો હોય તેનો પરિહાર કરવા માટે પોતાના મન સાથે સુદૃઢ નિશ્ચય કરવો જોઇએ. કુટુંબ, સમાજ, ગામ, દેશ અને વિશ્વનું કલ્યાણ કેવી રીતે થાય તેનો નિર્ધાર કરી, તેને અનુસરતું જીવન વ્યતિત કરવાનો સંકલ્પ કરવો જોઇએ, અને તે સંકલ્પ ઉપર સ્થિરવૃત્તિથી થોડી ક્ષણ નભી રહેવું જોઇએ. આમ કરવાથી તે પ્રકારનું નિશ્ચય-બળ આપણામાં સંક્રાન્ત થાય છે, અને વહેવારના પ્રદેશમાં અનેક પ્રકારની વિપરીત ઘટનાઓ સામે તે ટકી રહે છે. જેમના જીવનમાં આ પ્રકારે એકત્ર કરેલું સંકલ્પ-બળ નથી, તેઓ ગમે તેટલા પોતાના ઉચ્ચ વિચારો હોવા છતાં, કાર્ય-પ્રદેશમાં પોતાના ઉત્તમ નિશ્ચયો અનુસાર વર્તન ચલાવી શકતા નથી, તેમજ પોતાના શુભ નિશ્ચયોનો પ્રભાવ પણ સમાજ ઉપર વિસ્તારી શકતા નથી. તેમનામાં કોઇ પ્રકારનો ટેક, દઢતા, સ્થિરતા; અચળતા અને ચારિત્ર્યશક્તિ હોતી નથી. આ પ્રકારની ચારિત્ર-શક્તિ આદિ કેળવવા માટે અને તેને પ્રભાવ-યુક્ત બનાવવા માટે આપણા જીવનમાં હમેશાં થોડો કાળ ખરેખરી એકાંત અને નિર્જનતા હોવી જરૂરની છે. આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તત્ત્વોની ખામીને લીધે આપણા જીવન આ કાળે સત્ય શૂન્ય, ગંભીરતા વિનાના, ઉપલકીયા, અસ્થિર અને મેંઢા જેવા નિર્બળ અને જ્યાં સંજોગો દોરી જાય ત્યાં વગર સ્વાર્થ દોરાનારા થઇ પડ્યા છે. લોકોમાંથી આંતરિક બળનો ક્ષય થયો છે. પોતાનું કલ્યાણ કયા માર્ગે છે તેનો નિર્ધાર તેઓ કરી શકતા નથી, તો પછી પારકાના કલ્યાણનો નિર્ધાર કરવાનો પ્રશ્નજ કયાંથી હોય ? આવા સમાજમાં ધર્મ–જીવન કયાં સુધી નભે ? ગમે તેટલી પુસ્તકશાળાઓ, ધાર્મિક સંસ્થાઓ, વિપૂળ સાધન સામગ્રી આદિ હોવા છતાં આપણાં માંહેના સોએ નવાણું જણાના જીવનમાં કશોજ ફેરફાર નથી, તેનું કારણ એ છે કે આપણા જીવનમાંથી આપણે આંતરિક વિચારણાની અને નિર્જન ધ્યાનની દિશાને બાદ કરી નાખી છે. તેની ખામી આપણે બહારની સામગ્રીથી પુરવા માગીએ છીએ. પરંતુ કુદરતના નિયમથી ઉલટી વિધિનું ફળ સુંદર કયાંથી હોય ? આથી જેના જીવનમાં બહારનો વ્યવસાય અતિ પ્રમાણમાં છે તેણે તે વ્યવસાય બહુલતાને ભય તરીકે ગણી તેનું નિવારણ કરવું ઘટે. તેણે દિવસમાં અમુક કાળ નિર્જન–વાસ માટે કાઢવો ઘટે. તે વિના તેનું ધર્મ–જીવન ઘડાશે નહી. નિર્જનમાં તેણે આત્મ પરીક્ષા, ઉત્તમ સંકલ્પોનું દ્રઢીકરણ, જ્ઞાનની આલોચના, અને આત્મ–ચિંતન કરવું જોઇએ, તેમ થાય તોજ જીવનમાં સાર આવી શકે.

ઉપર ગણાવેલા વિઘ્નોનો આપણે બને તેટલો પરિહાર કરવો જોઇએ, અને આપણા અંતરમાં રહેલી પરમાત્માની શક્તિનો વિકાસ કરી આપણું મનુષ્યત્વ સફળ કરવું જોઇએ.

અધ્યાયી.

# ધૈર્ય.

( ૧૫ )

( વિઠલદાસ—મૂ. શાહ. )

" ધીરજ, ધર્મ, મિત્ર અરૂનારી, આપત્તિકાલ પરખીયે ચારી. "

તુલસીદાસ.

कान्ताकटाक्षविशिखा न दहन्ति यस्य चित्तं न निर्दहति कोपकृशानुतापः ।
कर्षन्तिभूरिविषयाश्च न लोभपाशै र्लोकत्रयं जयति कृत्स्नमिदं स धीरः ॥

અર્થ—સ્ત્રીયોના કટાક્ષરૂપી બાણો જેના ચિત્તને વીંધતા નથી, ક્રોધરૂપી અગ્નિનો તાપ જેના ચિત્તને બાળતો નથી અને ઇન્દ્રિયોના વિષય લોભપાશમાં નાંખીને જેના ચિત્તને ખેંચતા નથી તેજ ધીર પુરૂષ ત્રણે લોકમાં વિજયી ગણાય છે. શ્રા. ભર્તૃહરિ.

આ સંસારમાં કોઇપણ મનુષ્ય સર્વ સુખસંપન્ન હોતો નથી. પ્રત્યેક મનુષ્ય કોઇને કોઇ દુ:ખથી પીડિત જોવામાં આવે છે. એવું કોઇપણ મનુષ્ય નિશ્ચયપૂર્વક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહી શકે તેમ નથી કે અમુક મનુષ્ય ઉપર કદિપણુ કોઈ સંકટ નહિ આવે અથવા તે હમેશાં આનંદમાંજ રહેશે. સંપત્તિ, સંતતિ તથા ભોગોપભોગની પુરેપુરી સામગ્રી હોવા છતાં પણ પ્રત્યેક મનુષ્યને માટે કોઈને કોઈ નવી ચીંતા, આવશ્યક્તા તથા આપત્તિ નિર્માયલીજ હોય છે. સંસારની નશ્વર વસ્તુઓ મેળવીને જે મનુષ્ય અજ્ઞાનવશાત્ એમ આશા રાખે છે કે તેને તેનાથી સ્થાયી સુખ મળશે, અથવા તે વસ્તુઓ તેના ઉપર આવનારી આપત્તિઓ ટાળવામાં હમેશાં સમર્થ થશે તેને વારંવાર દુઃખી અને નિરાશ થવાના પ્રસંગો આવે છે. મનુષ્ય પોતાના જીવનમાં જે શત્રુઓની વિરૂદ્ધ સંગ્રામ કરીને વિજયસુખ મેળવવા ચાહે છે તે ઘણાજ પ્રચંડ, ભયંકર તથા વિકટ છે. તેઓ હરેક વખતે આક્રમણ કરવા માટે તૈયાર પણ રહે છે. પોતાની જાતને સુખી તથા શક્તિસંપન્ન જોઈને એવો કદિપણુ વિશ્વાસ ન રાખવો જોઇએ કે શત્રુઓ આપણી ઉપર કદિપણુ આક્રમણ નહિ કરે. આ પરિવર્તનશીલ સંસારમાં સઘળી વસ્તુઓમાં તેમજ અવસ્થાઓમાં પરિવર્તન થયાંજ કરે છે. સુખી અને બુદ્ધિમાન મનુષ્યો ઉપર એકાએક સંકટ કયારે આવી પડશે તે જાણી શકાતું નથી. વર્ષાઋતુમાં કેટલીક વખત આકાશમંડળ અત્યંત નિર્મળ અને મેઘ રહિત જોવામાં આવે છે, પરંતુ તેટલા ઉપરથી કોઇપણ એમ નિશ્ચય પૂર્વક નથી જણાવી શકતું કે અમુક સમય સુધી કોઈપણ સ્થળે પાણીનું એક ટીપું પણ નહિ વરસે. અકસ્માત્ આકાશની એ નિરભ્રતા નષ્ટ થઈને ચોતરફ ઘનઘોર ઘટા છાઈ રહે છે; વીજળી સિવાય બીજું કાંઈ કયાંય જોવામાં આવતું નથી અને તે સાથેજ મૂસળધાર વૃષ્ટિ થવા લાગે છે. આપણા આ માનુષી પ્રપંચરૂપ અન્તરિક્ષની દશા પણ એવીજ છે. તેની અંદર અમુક સમય પર્યંત સંકટનું વાદળું ન જોવામાં આવે તો તે ઉપરથી એમ માની લેવું તે ભૂલ છે કે તેની અંદર સુખનાં કિરણો હમેશાં પથરાયલાંજ રહેશે. કોણ કહી શકે તેમ છે કે દુઃખનું વાદળું બીજીજ ક્ષણે સંકટરૂપી જળની મૂસળધાર વૃષ્ટિ નહિ કરે.

જ્યારે એ વાત નિશ્ચિત છે કે મનુષ્યજીવનમાં સંકટનું આવવું સ્વાભાવિક છે, ત્યારે એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે એવા સંકટ સમયે શું કરવું જોઇએ ? શું કર્તવ્ય–વિમૂઢ બનીને દુઃખી અને ઉદાસીન ભાવથી આપણાં કલ્યાણનો માર્ગ તજી દેવો જોઇએ ? કદિ નહિ. જો આપણે એમ કહીએ તો પછી ‘ મનુષ્ય ’ ની પુરૂષાર્થતા કયારે સિદ્ધ થશે ? એવા સંકટોના પંજામાંથી જીવ બચાવવા માટે જ્યાંસુધી ધૈર્યનો આશ્રય નહિ લેવામાં આવે ત્યાંસુધી વિપત્તિયો આપણુને દુઃખ આપીને નષ્ટ કરશે એટલુંજ નહિ પણ તે આપણુને હેરાન કરવા માટે પણ હમેશાં તૈયાર રહેશે. જે મનુષ્ય એમ ઇચ્છે છે કે તે પોતાનું કર્ત્તવ્ય–કર્મ સારી રીતે કર્યા કરે તેનું કાર્ય ધૈર્ય વગર ચાલીજ શકતું નથી. વિપદાર્ણવ ઓળંગવા માટે ધૈર્ય સિવાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અન્ય એક પણ નાવ બનાવવામાં આવેલું નથી. માનવી જીવન-સંગ્રામમાં આગળ કૂચ કરવા માટે તેમજ વિઘ્ન તથા દુઃખરૂપી શત્રુઓના કઠોર આઘાત સહન કરવા માટે આપણે ધૈર્યનું જ કવચ ધારણ કરવું જોઇએ. અહિંઆ એટલું સ્મરણમાં રાખવાની જરૂર છે કે ધૈર્યવાન્‌નો અર્થ સાહસિક નથી.

આપણે જેટલા જેટલા ઉદ્યોગ તથા પ્રયત્નો કરીએ છીએ તે સર્વ સુખની પ્રાપ્તિ અર્થેજ કરવામાં આવે છે. જો આપણો એ હેતુ કોઇ અંશે ધૈર્ય-ગુણના આશ્રયથી સિદ્ધ હોઇ શકે તો સુખપ્રદ સદ્‌ગુણનું મહત્ત્વ આપણે અવશ્ય માનવું જોઇએ. દુઃખ તેમજ સંકટ સમયે ચિત્તને સમાધાન અને સાંત્વના આપવા માટે ધૈર્ય ધારણ કરવા સિવાય બીજી કોઇ યુકિતજ નથી. એવી અવસ્થામાં ધૈર્ય વગર શાંતિ મળવી કઠિન છે, કેમકે માનસિક દુર્બલતાને લઇને ચિત્ત હમેશાં ભયભીત દશામાંજ રહે છે. ધૈર્યના અભાવે, કોઇ વસ્તુ ખરેખરી રીતે એટલી બધી ભયાવહ ન હોવા છતાં પણ, કાલ્પનિક ભયાનુભવને લઇને મનની અંદર હમેશાં ખળભળાટ મચી રહે છે; તેમજ જ્યારે મનુષ્ય સંશય-ગ્રસ્ત બની જાય છે ત્યારે તેને દુઃખના અભાવમાં પણ દુઃખનો આભાસ થયા કરે છે. જે મનુષ્ય ધૈર્યશીલ હોય છે તેની દશા કુદિનમાં પણ એટલી બુરી નથી થઇ શકતી કે જેટલી ધૈર્યહીન મનુષ્યની તેના સુદિનમાં હોય છે. તે મનુષ્ય પોતાની સારી ધુનમાં શાન્તમનસ્ક બનીને સ્વકાર્ય તત્પર રહે છે અને ભવિષ્યમાં આવનાર વિપત્તિના ભયથી પહેલેથીજ ગભરાઇ જતો નથી. પરંતુ તે આવવાની શંકા થતાં વેંત તેને ટાળવાનો ઉપાય કરે છે. ધૈર્યવાન મનુષ્યનું અંતઃકરણ શાંતિ, સુખ, આશા અને ઉદારતા રહિત કદિપણ બનતું નથી. ધૈર્યવાન મનુષ્યના ચિત્તરૂપી દુર્ગને પ્રક્ષુબ્ધ વિપત્સમુદ્રનાં અત્યંત તોફાની તરંગો જરાપણ હાનિ પહોંચાડી શકતા નથી. પરંતુ ધૈર્યહીન મનુષ્યનાં ચિત્તની દશા સમુદ્ર કિનારે બાંધેલી ઝુંપડીના જેવી હોય છે, જે રેતી ઉપર બાંધવામાં આવેલી હોવાથી માત્ર એકજ પ્રચંડ જલ તરંગથી કંપિત બનીને ધૂળમાં મળી જાય છે. જુઓ, નીચેના શ્લોકમાં ધૈર્યવાન પુરૂષનું કેવું ઉત્તમ અલંકારપૂર્ણ વર્ણન છેઃ—

कदर्थितस्यापि हि धैर्यवृत्ते र्न शक्यते धैर्यगुणं प्रमार्ष्टुम् ।
अधोमुखस्यापि कृतस्य वह्ने र्नाधः शिखा याति कदाचिदेव ॥

અર્થાત્ વિપદ્‌ગ્રસ્ત મનુષ્ય ધૈર્યવાન્ હોય છે તો તેની ધૈર્યવૃત્તિ નષ્ટ કરવાને કોઇ સમર્થ નથી, જેવી રીતે પ્રજ્વલિત અગ્નિને કોઇ ઉલટાવી દે તોપણ જ્વાળા ઉપરજ જાય છે, અને કદિપણ નીચે જતી નથી.

આ જીવન સુખમાં વ્યતીત કરવા માટેજ નહિ, બલ્કે આપણાં કર્ત્તવ્ય-કર્મો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉચિત રીતે સંપાદન કરીને વિજય–પ્રાપ્તિને માટે પણ ધૈર્યની આવશ્યકતા રહે છે. કર્ત્તવ્ય–પથમાં વિઘ્ન આવતાં ડરપોક મનુષ્યો લોકોની અપ્રસન્નતાના ભયને લઇને પોતાનાં કર્ત્તવ્યો પૂરાં કરવામાં આગળ પાછળ હઠે છે અને તેઓની ઈચ્છાથી પ્રતિકૂળ કાર્ય કરવાનું સાહસ કરી શકતા નથી. પરિણામે તેઓ કોઇપણ મહત્વનું કાર્ય કરીજ શકતા નથી. તેઓને એમ માલૂમ પડે છે કે અમુક કાર્ય કરવાથી પોતાની લોકપ્રિયતા નષ્ટ થઇ જવાનો ભય છે અથવા કોઈ અધિકારારૂઢ મનુષ્ય તે કામ માટે અસંતોષ પ્રકટ કરીને તેના તરફ ધિક્કાર બતાવે છે કે તરતજ તેનો જુસ્સો નરમ પડી જાય છે. એવા સમયેજ નીતિમત્તા અને સિદ્ધાંત–પ્રેમની અગ્નિ–પરીક્ષા થાય છે. એવા સમયમાંજ ધૈર્યવાન પુરૂષ સંકટોની પરવા ન કરતાં પોતાના સિદ્ધાંતોની રક્ષા કરે છે અને વિચાર—શકિતની આજ્ઞા સિવાય બીજા કોઇની આજ્ઞા માનતો નથી. કોઇ પણ કાર્ય કરવા માટે તેનો એકવાર નિશ્ચય માત્ર થઈ જવો જોઈએ, પછી તે પુરૂં કરવામાં એક નહિ પણ હજાર વિઘ્નો ભલે આવે, છતાં તે તેની દરકાર કરતો નથી. તે પોતાની જાત તથા પરમાત્મા સિવાય બીજા કોઇનો તૃણ સરખો પણ વિશ્વાસ કરતો નથી. એટલે સુધી કે કર્તવ્ય–માર્ગમાં મનોદેવતાના પ્રોત્સાહન સિવાય બીજા કોઈના ઉત્તેજનની પણ આશા કરતો નથી. એવા મહાપુરૂષોને લક્ષીનેજ ભર્તૃહરીજીએ કહ્યું છે કે—

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा
न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥

અર્થાત્ નીતિનિપુણ પુરૂષો નિંદા કરે કે સ્તુતિ કરે, લક્ષ્મી આવે વા જાય, પ્રાણ હમણાંજ ચાલ્યા જાય કે યુગાન્તરમાં, પરંતુ ધીર–ધૈર્યવાન લોકો ન્યાયના માર્ગથી એક ડગલું પણ ચલિત થતાં નથી.

નીતિધર્મમય કર્તવ્યપથના આ પ્રકારના અનુયાયિઓની કીર્તિ સંસારમાં અમરામર થાય તો તેમાં જરાપણ આશ્ચર્ય નથી. પરંતુ આ પ્રકારના ખરેખરા ધૈર્યવાન અને ગંભીર–હૃદય પુરૂષો તેજ થઇ શકે છે કે જેઓને પોતાના નીતિ–ધર્મના સિદ્ધાંતોની સફલતા તથા યોગ્યતા ઉપર પુરેપુરો વિશ્વાસ હોય છે અને જેઓ તે ખાતર પોતાની જાતનો ભોગ આપવામાં પોતાની જાતને ભાગ્યવાન સમજે છે. શ્રી મહાવીર, શ્રી રામચંદ્ર, યુધિષ્ઠિર, વિક્રમાદિત્ય, પ્રતાપ, શિવાજી આદિ મહાત્માઓના નામ ઇતિહાસમાં કેવળ તેઓના અચળ સિદ્ધાંત–પ્રેમને લઈને ચિરંજીવ થયા છે. એજ સાંસારિક સફળતાઓનું રહસ્ય છે. સંસારમાં નેતાઓનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્ય ઘણુંજ સંકટપૂર્ણ છે અને ખાસ કરીને તે નેતાઓનું કામ ઘણુંજ કષ્ટમય હોય છે કે જેઓ ખરેખરા સમાજ-સુધારક હોય છે. રાજારામ મોહન-રાયનું ઉદાહરણ લ્યો. તેમણે સમાજ-સુધારણાનો ઝુંડો ઉઠાવ્યો હતો. નવીન આવશ્યકતાઓ તથા સમયના આદેશ નહિ સમજનાર જુના વિચારના લોકો તેમને સમાજ-કંટક ગણતા હતા. પરંતુ આજે તેમનું નામ હિન્દુ જાતિના હિતૈષીઓની જીહ્વા ઉપર નાચી રહ્યું છે. તેનું શું કારણ ? એજ કે તેમના સિદ્ધાંત ઉત્તમ તથા પરાર્થપૂર્ણ હતા. તેની ખાતર તેઓથી પોતાની જાતનો ભોગ આપવાની હિમ્મત રાખતા હતા. આ પ્રકારના જ્વલંત ઉદાહરણો ઇતિહાસમાં તેમજ વર્તમાન સમયમાં અનેક મળી આવે તેમ છે. આવા પ્રકારના ઈશ્વરીય સિદ્ધાંત-પ્રેમના માર્ગનો નિર્વાહ શું ધૈર્ય વગર કદિ પણ સંભવિત છે ?

જીવન-સંગ્રામમાં વિજય અને સફલતા પ્રાપ્ત કરવામાં ધૈર્યનો ઘણો મોટો ભાગ છે. એટલા માટે એટલું જાણવું જોઇએ કે એ સદ્ગુણ સંપાદન કરવામાં કયી કયી વસ્તુઓની આવશ્યકતા છે. સૌથી પહેલી આવશ્યકતા અદૂષિત મનોવૃત્તિ તથા ઈશ્વરમાં દૃઢ વિશ્વાસ હોવાની છે. જેઓનું મન વિકારવશ દૂષિત થઈ જાય છે તેઓના ચિત્તમાં સ્થિરતા રહેતી નથી. તેમજ માનસિક સ્થિરતા નહિ હોવાથી ઇચ્છા, ઉદ્દેશ તથા સિદ્ધાંત ક્ષણે ક્ષણે બદલાયા કરે છે. જેઓનું મન દોષો અને વિકારોથી ચંચળ બની જાય છે તેઓનાં મનમાં ચંચલતાનું વિરોધી ધૈર્ય કદિપણ નિવાસ કરી શકતું નથી. અહિં આગળ વાંચકો એ આક્ષેપ કરી શકે કે અનેકવાર જોવામાં આવે છે કે પોતાના દુષ્ટ હેતુઓ સિદ્ધ કરવા પાછળ પડેલા અનેક પાપાવતાર દુરાત્માઓનું મન ભયભીત નથી હોતું. આનું શું કારણ છે ? વ્યાજબી રીતે તો મનોવૃત્તિ દૂષિત હોવાને લઈને તેઓનાં ચિત્તની ચંચળતા હોવી જોઈએ, પરંતુ ઉલટું તેઓમાં ચિત્તની સ્થિરતા જોવામાં આવે છે. આના જવાબમાં અમે વાંચકોને માત્ર એટલુંજ જણાવવા ઇચ્છીએ કે એવા લોકોનાં જે ધૈર્ય જોવામાં આવે છે તેમાં અને જે ધૈર્યની આ લેખમાં પ્રશંસા કરવામાં આવી છે તેમાં આકાશ-પાતાળનું અંતર છે. એવા લોકોને ધૈર્યવાન કહેવાને બદલે સાહસી અથવા રાક્ષસી કહી શકાય. તેઓમાં જે ધૈર્ય જેવી વસ્તુ જોવામાં આવે છે તે વિશ્વસનીય નથી, કેમકે તેઓની સ્થિતિ નીતિ-તત્વોના આધારપર નથી હોતી. તેને ધૈર્યનું નામ આપી શકાયજ નહિ-અવશ્ય દુસ્સાહસજ કહી શકાય. એવા દુસ્સાહસનો જન્મ એક પ્રકારની દુષ્ટતાપૂર્ણ ધૃષ્ટતા, ભવિષ્યમાં આવનારી આપત્તિઓની ઉપેક્ષા તેમજ સર્વ પ્રકારના અવિચારમાંથી થાય છે. એવા દુસ્સાહસી રાક્ષસોના કદિપણ સફલ મનોરથ થઈ શકતા નથી અથવા એમ કહેવું જોઇએ કે તેઓની સાચી અસફલતાનું માપ તેઓની દુષ્ટ ઇચ્છાઓની સફલતાથીજ થઇ શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીજી આવશ્યક વસ્તુ ઇશ્વરપર દૃઢ વિશ્વાસ હોવાની છે. મુશ્કેલીભર્યા પ્રસંગે ધીરજની વૃદ્ધિ કરવામાં ઇશ્વરનિષ્ઠા ઘણીજ ઉપયોગી થઇ પડે છે. એવો દૃઢ વિશ્વાસ થઇ જવો જોઇએ કે " મારાપર ઇશ્વરની કૃપાદૃષ્ટિ ઠરેલી છે, તેજ મારો ખરેખરો રક્ષક છે, સદાચારી મનુષ્યને એક જાતની અવર્ણનીય સહાયતા મળી રહે છે ઇશ્વર ભલા મનુષ્યોનેજ ચાહે છે. મારા આ સારાં કાર્યમાં તે કોઇને કોઇરૂપે સહાયતા અવશ્ય કરશેજ, મારા કઠિન સમયમાં તે મને કદિપણ ભૂલશેજ નહિ, ઇત્યાદિ વાતો પર દૃઢ વિશ્વાસને લઇને ઘોર આપત્તિઓથી ગ્રસિત થવા છતાં પણ ધૈર્યશાલી મનુષ્યનાં ચિત્તની સ્વસ્થતાનો ભંગ થતોજ નથી. નિ:સીમ ભક્તોનો ધૈર્યભંગ થયો હોય તેવું કદીપણ અનુભવગોચર નથી. આ સ્થળે આ કોટિના અનેક ઇશ્વર ભક્તોના દૃષ્ટાંત આપી સ્થળ રોકવાની જરૂર નથી. વાંચકોને તે સઘળા સુવિદિત હોવા જોઇએ એમ માની અત્ર એટલોજ ઉલ્લેખ કરવાનું ઉચિત લાગે છે કે દૈવી સહાયતા અને સાંસારિક સફળતા તે લોકોને જ મળી શકે છે કે જેઓને પોતાના નીતિ ધર્મ તથા ઇશ્વર ઉપર દૃઢ વિશ્વાસ હોય છે. ઇતિહાસ ધર્મશીલ અને કર્મવીર પુરૂષોનાં ચરિત્રોથી ભરપૂર છે. તેઓએ ધર્મ–નીતિ અને સત્યની રક્ષા ખાતર હજારો દુ:ખો સહન કર્યાં છે. સંકટના ભારથી કદિપણ તેઓનાં મનને વ્યગ્ર થવા દીધું નથી અને જરૂર પડતાં પોતાના તન–મન–ધનની આહૂતિ આપવાની કદિપણ ના પાડી નથી. આ સઘળું મનની અંદર હમેશાં ધર્મ બુદ્ધિ જાગૃત રાખવાનાં સામર્થ્યનું ફળ છે. એ ધર્મબુદ્ધિ ઇશ્વરની દયાલુતા ઉપર દૃઢ વિશ્વાસ રાખ્યા વગર કદિપણ જાગૃત થઇ શકતી નથી.

જીવન–સંગ્રામમાં વિજય પ્રાપ્તિ અર્થે ધૈર્ય ધારણ કરવાની ઇચ્છા રાખનાર મનુષ્યોને એક બીજી પણ સૂચના આપવાની છે. તેઓએ પોતાનાં મનમાં મનુષ્યની સાચી પ્રતિષ્ઠા તથા કીર્તિનાં કારણો નિશ્ચિત કરી રાખવાં જોઇએ. અનેક લોકો એમ માન્યા કરે છે કે કેવળ દ્રવ્ય અથવા અધિકારથી સાચી પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય છે, પરંતુ એ ભ્રમણાત્મક માન્યતા છે. ઘણા મૂર્ખ અને નાદાન લોકો પણ સંપત્તિ મેળવી શક્યા હોય છે. અને તેઓ ઉચ્ચ કોટિના અધિકારે પણ પહોંચી શક્યા હોય છે, તે દ્વારા કદાચ હજારો મનુષ્યોમાં એકાદ મનુષ્ય ઘણીજ મુશ્કેલીથી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકે છે, કેમકે તે વસ્તુઓ એવી મદાન્ધતા ઉત્પન્ન કરનાર શકિતઓ છે કે જે મળવાથી મનુષ્ય ઘણે ભાગે પોતાની જાતને ભૂલી જઇને તેનો દુરૂપયોગ કરવા મંડી જાય છે. સદાચાર અને નૈતિક તથા આધ્યાત્મિક યોગ્યતા દ્વારા જે પ્રતિષ્ઠા મળે છે તેજ સાચી અને ચિરસ્થાયી હોય છે. સદાચાર એવો આકર્ષક–મંત્ર છે કે જે દ્વારા શત્રુઓ સુદ્ધાંને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ આપણે માટે પૂજ્યભાવ થાય છે. એવા ધૈર્ય–સંપન્ન સદાચારી મનુષ્યોને કોઇ મહાન પારિતોષિકની અપેક્ષા નથી રહેતી. તેઓને સુખ તેમજ દુ:ખથી હર્ષ કે ખેદ થતો નથી. તેઓને તો કેવળ પોતાનાં ઉદ્દિષ્ટ કાર્યનું જ ધ્યાન રહે છે. આ સ્થળે એ વાત સ્મરણમાં રાખવાની જરૂર છે કે પ્રતિકૂળ ટીકાઓને લઇને પોતાનાં નિતી-મય કાર્યનો ત્યાગ કરી દેવો એ એક શોચનીય ઘટના છે. દુષ્ટ લોકો સર્વની નિંદા જ કરે છે. એથી કરીને તેઓ ધૈર્યવાન મનુષ્યની પણ નિંદા તેના સદાચાર અને સિદ્ધાંત–પ્રેમને લઇને કરે તો પણ નવાઇ પામવા જેવું નથી. તેવા લોકો તેઓનાં આચરણનું રહસ્ય સમજી શકતા નથી, એમ કરવાથી તેઓ પોતાની અયોગ્યતા અને અસમર્થતાનો પરિચય કરાવે છે, પરંતુ વિચારવાન મનુષ્યોને તેઓની મુક્તકંઠે પ્રશંસા કરવાથી પણ સંતોષ થતો નથી. તે બિચારા નિંદકોને મનુષ્ય–જીવનનાં મૂલ્યનું જ્ઞાન હોતું નથી. તેથી ખરેખરા ધૈર્યવાન મનુષ્યો એવા નિંદકોના કઠોર વાગ્બાણથી હતોત્સાહ ન થતાં પોતાનાં ઉદ્દિષ્ટ કાર્યમાંજ મચ્યા રહેવું જોઇએ. ચાલુ

# શ્રી ભગવાનનું શાસન તંત્ર અને ચાલુ પરિસ્થિતિનું દિગ્દર્શન.

પરમપુરૂષ ત્રિકાળદર્શી ભગવાન શ્રી મહાવીર પ્રભુએ જે દિવસે જગતનું નૂર, જગતની મહાકિંમતી મિલકત સમાન, મહાતેજ:પુંજ હોય તેવા જળહળતા પરમ સત્યનો સાક્ષાત્કાર કર્યો, તે સત્ય જગતમાં જળવાઇ રહે, તેને લાયક પાત્રો તેની કિંમત સમજે, તેનાથી લાભ ઉઠાવે. એ હેતુથી કહો, કે તેઓશ્રીનો એવો કલ્પ (આચાર) હતો, એ હેતુથી કહો, પરંતુ ગમે તે હેતુએ, તે પરમસત્ય જગતમાં અખંડ રહે એ હેતુથી એ મહાજ્ઞાની પ્રભુજીએ, તેની ઘણીજ ઉત્તમ વ્યવસ્થા કરી.

ખરેખર એ પરમસત્ય, મહાકિંમતી વસ્તુ, જળહળતું તેજ; જગતના વિચિત્ર જગતની અટપટા, અને ભયંકર વાતાવરણ વચ્ચે અખંડ રીતે જળવાઇ રહે, તેને માટે જરૂર ઉત્તમ વ્યવસ્થાની જરૂર હતીજ–યદ્યપિ પરમ સત્ય, હમેંશા અપ્રતિહતજ હોય છે. નિરાબાધ હોય છે, જગતમાં કોઇપણ એવી વસ્તુ નથી કે જે એ પરમ સત્યને ગુંગળાવી શકે. સદાકાળ, સર્વ ક્ષેત્રે અખંડ,–અવિચ્છિન્ન તેજ પરંપરાથી દીપતુંજ રહે છે. તેથી તેની રક્ષા કરવાનો પ્રયત્ન કદી મહા પુરૂષો ન કરે એ સ્વાભાવિક છે.

પરંતુ પરમસત્યને ઓચ્છું જીરવી શકે તેવા પામર પ્રાણીઓ ભૂલામણી દ્રષ્ટિને લીધે જગતના ભયંકર વાતાવરણ નીચે દબાઇ જઇ સામે જળહળતા પરમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્યને ભુલી જઈ અથડાય છે. માટે એ પરમ સત્ય જેમ બને તેમ જગતની સન્મુખ રહ્યા કરે, અને યોગ્ય પ્રાણીઓ તેના દિવ્ય પ્રભાવને બળે, લોભામણી, વિકરાળ અને માયાવી પડદાઓમાં ન ગુંચવાઇ જાય એ હેતુથી તથા દરેક પ્રસંગમાં એ પરમ સત્ય પ્રાણીઓની સામે ચમકયા કરે, તેવું કરવા માટે એ દયાળુ પ્રભુજીએ અત્યુત્તમ વ્યવસ્થા કરી છે.

ખરેખર જેમ વસ્તુ વધારે કિંમતી, તેમ તેની જોખદારી ભારે, સાચવવા તેનો પ્રબંધ પણ ઉંચી વ્યવસ્થા પૂર્વક અને ખાસ ખાસ ગાંભીર્ય ભરેલા મુદ્દાવાળોજ હોય છે.

## તીર્થ સ્થાપન.

પરમ સત્યનો વારસો જગતમાં બરાબર કાયમ રહે, ઉત્તરોત્તર પ્રજાને—જગત્‌ને મળતો રહે, જ્યાંસુધી પ્રજામાં કે મનુષ્ય સમાજમાં તે સાચવી રાખવાની ખરી તાકાત હોય ત્યાંસુધી બરાબર સચવાઇ રહે, તે ખાતર પ્રભુજીએ જે ઉત્તમ વ્યવસ્થા કરી છે. "તિર્થ સ્થાપન કર્યું" એ શાસ્ત્ર વચનનો હું ઉપર પ્રમાણે સાદી ભાષામાં અર્થ સમજું છું.

પ્રજાઓ પોતાની વ્યવસ્થા માટે રાજ્યતંત્ર રચે છે, તે પ્રમાણે એ પરમ સત્યની રક્ષા નિમિત્તે પ્રભુજીએ જે રાજ્યતંત્ર સ્થાપ્યું, તેનુંજ નામ "તીર્થ" કહો કે "જૈન શાસન" કહો. શાસન એટલે રાજ્યતંત્ર પણ કહી શકાય. આ રાજ્યતંત્રની ખુબી અને ગહનતાના અભ્યાસીઓ અત્યારે કેટલા હશે? આ રાજ્યતંત્ર (જૈન શાસન) બહુજ અગમ્ય છે. કેમકે તે અમુક પ્રજા માટે ઉપયોગી રાજતંત્રના જેટલું સંકોચિત નથી. પરંતુ તેમાં "સવિજીવ કરૂં શાસન રસી, એસી ભાવ દયા મન ઉલ્લસી" એવી એવી પરમ વિશ્વબંધુતાની ભાવનાઓ ભરેલી છે. નથી તેમાં કેવળ અમુક વ્યકિતનાજ હિતની વાતો, નથી તેમાં કોઈ ખાસ મંડળ કે પ્રજાના હિતની વાતો, નથી કેવળ માનવ જીવનના હિતની કથા, પરંતુ તેમાં જગતના સમસ્ત ક્ષુદ્રમાં ક્ષુદ્ર કે મહાનમાં મહાન પ્રાણીઓના હિતની મહા કથા છે. મહાન સંદેશા છે. તમામ પ્રાણી વર્ગ ઉપર વ્યવસ્થિત શાસન તંત્ર ચલાવી શકે તેવું એ મહાતંત્ર છે, માટેજ તે ધર્મરાજ્યના નામથી પણ ઓળખાય, આ રાજ્યતંત્રના ઉત્પાદક કહો કે પ્રવર્તક કહો, તે જ્યારે ભૂપીઠ ઉપર વિચરતા હોય છે ત્યારે તેમની આગળ જે ચક્ર ચાલે છે તેનું નામ "ધર્મ ચક્ર" કહેવાય છે. આ ઉપરથીજ એ શાસન તંત્રની અગમ્યતા તમારા ખ્યાલમાં આવશે. બસ એટલુંજ.

## ગણધર ભગવાનની સત્તા.

એ તંત્રની અગમ્યતામાં ઉંડે ઉતરવા જતાં અગમ્ય વસ્તુનું માપ કરવા જતાં મારા જેવો ક્ષુદ્ર પ્રાણી ખરેખર ભાન ભૂલી જાય. અને ચાલુ દુનિયાની દ્રષ્ટિમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉન્મત્ત ગણાય. ભગવાન મહાવીર દેવે સત્યને જે સાક્ષાત્કાર કર્યો. તે સત્યને શ્રીગણધર મહારાજાઓએ દ્વાદશાંગીરૂપે મૂર્તિમત સ્વરૂપ આપ્યું. જેઓએ એ પરમ સત્યને સાક્ષાત્ ઝીલ્યું–જીરવ્યું તેઓ ગણધર ભગવાન કહેવાયા.

આ સ્થળે વાચક બંધુઓને એક વાત સ્પષ્ટ સમજાવી દેવા ઇચ્છું છું–તે એકે પરમ સત્યને અનેક મહા–આત્માઓએ સાક્ષાત્ પ્રભુજી દ્વારા ઝીલ્યું છે, ઝીરવ્યું છે, છતાં તેઓ શાસનતંત્રના વ્યવસ્થાપક કોટીમાં ન ગણાય, એટલે લાભ લેનાર વર્ગ અને તંત્ર રક્ષક વર્ગ એ બે જુદા વિભાગ છે. તેથી ગણધર ભગવાન એ તંત્ર રક્ષક વર્ગમાંના ગણાય. અને બીજા મુમુક્ષુ વર્ગમાં ગણાય. પરંતુ આ લેખમાં શાસન તંત્રના રક્ષક વર્ગનીજ વાત કરવા ઇચ્છું છું. માટે વાચક મહાશયો! આ લેખ વાંચતાં આ બે મુદ્દા બરાબર ધ્યાનમાં રાખજો.

## આચાર્ય મહારાજનું આધિપત્ય.

વિદિતસકલતત્વ ભગવાન્ ગણધર પ્રભુથી આયુષ્યનું સાંતત્વ કેમ અવિદિત હોય ? એ શાસન તંત્રનો વારસો દીર્ઘ કાળ માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ વિગેરે સંજોગો વખતે કેમ વર્તવું એ વિગેરે સત્તાઓ સાથે આખા શાસન તંત્ર–તીર્થનું આધિપત્ય આચાર્ય મહારાજને સોંપ્યું.

આચાર્ય મહારાજ આખા શાસન તંત્રના સર્વોપરિ સત્તાધિશ હતા. છતાં શાસન તંત્રના મૂળ ચાર અંગ–૧ શ્રમણવર્ગ ૨ સાધ્વીવર્ગ ૩ શ્રમણોપાસક વર્ગ ને ૪ શ્રમણોપાસિકા વર્ગ. કોઇ ખાસ સંજોગો પ્રસંગે ઉપરોક્ત ચાર વર્ગના કે તેમના ખાસ ખાસ આગેવાનોની સંમતીથી જે બંધારણ નક્કી કર્યું હોય તે બંધારણ પ્રમાણે ભગવાન મહાવીર પ્રભુની વિદ્યમાનતા કાળે જે જે બંધારણો પ્રચલિત હોય, તથા ગણધર પ્રભુની વિદ્યમાનતામાં જે જે બંધારણો પ્રચલિત હોય, તેમજ પૂર્વના આચાર્યોએ સંજોગો પ્રમાણે સર્વ વર્ગની સંમતિથી જે જે બંધારણો ખાસ પ્રચલિત કર્યા હોય, કોઇ કોઈનું કડક રીતે પાલન થતું હોય, પરમ સત્યની દૃષ્ટિથી શ્રી આગમમાં તે પ્રમાણે વિહિત હોય–છતાં સંજોગો અનુસાર કંઇક કડકતા નરમ કરવી પડે, તેવાં બંધારણો હોય તે દરેક તરફ દૃષ્ટિ રાખી, શાસનતંત્ર, તીર્થ, ધર્મરાજ્ય આચાર્ય મહારાજ તે તે કાળમાં ચલાવતા હતા.

## જૈન ગુરૂકુળવાસ કે વિદ્યાપીઠ.

આચાર્ય મહારાજના હાથમાં મુખ્ય બે કામો રહેતા હતા. ૧ જૈન વિદ્યાપીઠ –ગુરૂકુળવાસ–યુનીવર્સીટી જે કહે તે પણ જૈન કેળવણીને લગતું એક અત્યુત્તમ ખાતું હતું. તેમાં અભ્યાસી ખાસ ઉચ્ચ ચારિત્ર પાત્ર ત્યાગીઓ જ હતા. તે અધિકારની કુલ આંતર વ્યવસ્થા ઉપાધ્યાય મહારાજ સંભાળતા હતા. ( બીજી બધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરૂકુળની આંતર વ્યવસ્થા કેમ હતી, તે બાબત એક આખો જુદોજ લેખ લખીને સમજાવીશ ) જૈન વિદ્યાપીઠની તમામ વ્યવસ્થા ઉપાધ્યાયજી મહારાજ સંભાળતા હતા, અને છેવટની જોખમદારી આચાર્ય મહારાજ ઉપર રહેતી. અર્થાત્ આખી જૈન યુનવર્સિટી ઉપર—ગમે તેવા વિદ્વાન અધ્યાપક ઉપાધ્યાઓ, વાદીઓ, શાસ્ત્રવેત્તાઓ દરેક ઉપર પોતાની વિદ્વત્તાની સારી અસર પાડી શકે, દરેક ઉપર પ્રભાવ પાડી શકે, તેવી શક્તિ આચાર્ય મહારાજ ધરાવતા હતા. આ રીતે છેવટનો કુલ-અધિકાર અચાર્ય મહારાજના હાથમાં રહેતો હતો.

## શાસન વ્યવસ્થા.

૨ જું કામ જૈન શાસનતંત્ર સંભાળવાનું હતું. જેમાં કેટલા સ્થળોમાં જૈન ભાવના વિસ્તરી છે ? કયાં કયાં વિસ્તરવા જેવી છે ? દરેક સ્થાનની જૈનપ્રજાનું તંત્ર—સંઘ વ્યવસ્થા કેમ ચાલે છે ? જૈન પ્રજામાં ધાર્મિકતાનો ઉત્તરોત્તર કેટલો વધારો થાય છે ? બહારના કોઇપણ આઘાતો વિચાર ભેદ કરાવી ધાર્મિક શ્રદ્ધામાં ફેરફાર કરે છે કે નહીં ? અંદર અંદરના સવાલો—અંધારણોને ( શાસન વ્યવસ્થા ) ઢીલું પાડતાં નથીને ? બહારના કોઈ બીજા સમુદાયો તરફથી કે પ્રજા તંત્ર રાજ્ય તરફથી ઉપસ્થિત થતા મુશ્કેલી ભરેલા પ્રસંગે કેમ વર્તવું ? આ બધી બાબતો ઉપર દેખરેખ રાખવી, એવી દરેક બાબતોમાં માર્ગદર્શક બનવું, વિગેરે અધિકાર—સત્તા આચાર્ય મહારાજ ને જ હતી.

આ ઉપરથી સમજી શકાયું હશે. કે આચાર્ય મહારાજ ઉપર બમણો બોજો હતો, આત્મ કલ્યાણ કરવું અને શાસનતંત્ર ચલાવવું. તેમાં કોઇ આચાર્ય મહારાજ આત્મ કલ્યાણમાં વધારે મગ્ન રહેતા હતા ને શાસનતંત્રમાં જરૂર પુરતી કાળજી ધરાવતા હતા. ( બીલકુલ બે કાળજી રાખે તો પ્રાયશ્ચિત કરવાનું શાસ્ત્રમાં હોવું જોઇએ. ) કેટલાક આચાર્યો પોતાનું આત્મ કલ્યાણ ગૌણ રાખી મુખ્યપણે શાસનતંત્રની પૂર્ણ વ્યવસ્થામાં જ લાગી ગયેલા. કેટલાકોએ બન્ને પર બરાબર કાળજી ધરાવેલી.

પાછળથી શાસન તંત્રનો અધિકાર આચાર્ય મહારાજ તેવા જ કોઇ ઉત્તરોત્તરાધિકારી યોગ્ય આચાર્યને સોંપતા હતા. અને તે વખતે " એ અધિકારને દરેક માન આપવું જોઇએ " તેનો દાખલો બેસાડવા પોતે પ્રથમ વંદન કરતા હતા ને એ રીતે શાસન તંત્રના સંચાલકનું કદ—વજન પાડતા હતા.

## સંઘ વ્યવસ્થા ને સંઘપતિ ( સંઘવી )

જ્યાં જ્યાં ધર્મ પાળનારાઓની સંખ્યા હોય ત્યાં દરેક સ્થળે, સમજુ અને શાણા આગેવાનો, તેમાં પણ એક મુખ્ય વ્યક્તિ કે જે સંઘપતિ કહેવાય, એ દરેકનું મંડલ સ્થાનિક સંઘવ્યવસ્થા સંભાળતું હતું. અને તમામ આર્હત્ધર્મીઓના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સવાલોના નિર્ણયનો આધાર મોટે ભાગે મુખ્ય શહેરના આગેવાનો અને સંઘપતિ ઉપર રહેતો હતો.એટલે દરેક વખતે જે શહેર સારૂં આબાદ હોય ત્યાંના આગેવાનો કુશળ હોય, ને આખા સંઘના સવાલોને પહોંચી વળે તેવા હોય તે સમસ્ત સંઘના આગેવાનો ગણાતા હતા, પરંતુ ઘણે ભાગે અમુકજ શહેરને ખાસ આગેવાન તરીકે ચુંટી કહાડવાનો ખાસ કાંઇ વિધિ થતો નહીં હોય. " ગાય પાળે તે ગોવાળ " એ ન્યાયે જે ભાર ઉઠાવે તે આગેવાન, અને તેઓ જે સંઘ સમસ્ત માટે બંધારણ કે-ઠરાવ કરે તેને સમસ્ત હિંદનો સંઘ કબુલ રાખતો હતો.

એ રીતેજ મારી સમજ પ્રમાણે રાજગૃહી, પાટલીપુત્ર ( પટણા ), મથુરા, વલ્લભીપુર, પાટણ, ખંભાત, દીલ્હી, અમદાવાદ વિગેરે વિગેરે શહેરમાંનો સંઘ અનુક્રમે સમગ્ર સંઘનું આધિપત્ય સમયને બળે ભોગવતો આવેલો હોવો જોઇએ. જે વખતે જે શહેર ઉન્નત હોય, અને જ્યાંના જૈન સત્તાધીશ, લાગવગવાળા, અને સંપન્ન હોય, તે તે શહેરના આગેવાનો સાર્વજનિક જૈન સંઘના સવાલોનો નિર્ણય તે તે કાળમાં કરતા હતા. આચાર્ય મહારાજની ખાસ સમ્મતિ પૂછવામાં આવતી હતી. કારણ કે આખા શાસન તંત્રના તે નેતા છે, જોખમદાર છે.

## સ્થાનિક સંઘો.

આજ પ્રમાણે બીજાં દરેક શહેરમાં સંઘના આગેવાનો પોતાના શહેર કે ગામમાં યોગ્ય વ્યવસ્થા કરતા હતા. મારી સમજ પ્રમાણે હાલ કેટલેક સ્થળે હોય છે, તેમ--ન્યાતોના સવાલો સંઘના બંધારણ સાથે તે વખતે ભેળવવામાં આવતા નહીં હોય.

## વારસો.

આ પ્રમાણે જન્મથી જ સમાન સંસ્કારવાળી અને વડીલો જેવી ખડતલ સંતતિના હાથમાં ઉત્તરોત્તર વારસો દરેકનો જતો હતો. અર્થાત્ આચાર્ય મહારાજ પછીના ઉત્તરાધિકારી આચાર્ય મહારાજને અધિકાર સોંપવામાં આવતો હતો, અને સંઘપતિઓ યોગ્ય સંતતિને કે યોગ્ય આગેવાનોનેઅધિકાર સોંપતા હતા. આ પ્રમાણે અવિચ્છિન્ન પરંપરાએ આજ સુધી શાસન તંત્ર વ્યવસ્થિત રીતે ચાલ્યુ આવ્યું છે.

## ચાલુ પરિસ્થિતિ

મને લાગે છે કે–ચાલુ કાળમાં જે સંતતિના હાથમાં વારસો છે, તેમાં અને જેઓના હાથમાં વારસો જવાનો છે, તેમાં એક જાતનો ભેદ પડયો છે. જુના વિચારના, અને નવા વિચારના એમ પ્રથમનો ભેદ પડયો છે. જુના વિચારના નવા વિચારનાઓને–ચાલુ જમાનાની કેળવણી લેનારઓને શંકા દ્રષ્ટિથી જુએ છે, નવા જુનાઓને વળી જુદી જ દ્રષ્ટિથી જુવે છે. આ રીતે ગમે તે કારણે બન્નેની દ્રષ્ટિમાં ભેદ પડયો છે. જુનાંઓ જેટલું નવાઓમાં ખડતલપણું જોવામાં આવતું નથી. વળી નવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંતતિ—એટલે હાલના બાળકો—કે જેઓ પચ્ચીસ વર્ષે મોટા થવાના છે અને આપણા સંઘના ભવિષ્યના સુકાની થવાના આપણે ધારીએ છીએ, પરંતુ તેના મોં ઉપર અને તેની આજુબાજુ પથરાતી નાશની બાજી તરફ જોઇએ છીએ ત્યારે ઉંડો ને ઉષ્ણ નિશ્વાસ નાંખવો પડે છે.

પ્રભુદાસ બેચરદાસ પારેખ.

# જૈન સ્વયંસેવક મંડળો.

## આપણો ભવિષ્યનો સંઘ.

આજથી ૨૫ વર્ષ પછી કઇ જાતનો જમાનો આવશે, તે જાણી શકશો? દેશમાં કેવા કેવા સંજોગો ઉભા થશે? જગતમાં કેવા કેવા સંજોગો ઉભા થશે? તમો જે શહેર કે ગામમાં રહો છો ત્યાં કેવાકેવા ફેરફાર થશે? એ કંઇ જાણી શકાય છે?

ના, એ ભવિષ્યની વાત આપણાથી શી રીતે જાણી શકાય?

તો પણ કંઇ ખ્યાલ કરી શકાય જ. પાછલા ૨૫ વર્ષમાં જે જે બનાવો બન્યા, જે જે સંજોગો આવ્યા. તેને પરિણામે આપણે ચાલુ સ્થિતિ કેવી ભોગવીએ છીએ, તે જેમ જાણી શકીએ છીએ, તેવીજ રીતે હાલની આપણી સ્થિતિ ઉપરથી ભવિષ્યમાં આપણે કેવી સ્થિતિમાંથી પસાર થવું પડશે, તેનું સ્હેજ અનુમાન તો જરૂર કરી શકીએ. એક વિદ્યાર્થી પણ એટલી ધારણા રાખી શકે છે કે—જો હું મેટ્રીક સૂધી અભ્યાસ કરીશ તો અમૂક હદના કામો કરી શકીશ. અને જો એમ. એ. થઇશ તો જરૂર પ્રોફેસર થવાનો. અને જો વેપારી લાઇનની તાલીમ લીધા છે તેથી વેપારી થવાનો. આવું ધોરણ દરેક પોતાના ચાલુ સંજોગો ઉપરથી બાંધી શકે છે. તેવીજ રીતે આપણે આપણા ભવિષ્યના સંઘનો ખ્યાલ લઇ શકીએ.

હાલના યુવકો ભવિષ્યમાં ૨૫ વર્ષ પછી વૃદ્ધો હશે. અને બાળકો યુવકો હશે. આ બે વર્ગના હાથમાં સંઘની નાતની, કે સમાજની લગામ જઇ પડશે, તેમાં કોઇ ના પાડી શકે તેમ છે? કેમકે જગતની ઘટમાળજ એવી છે.

## હાલના આગેવાન બંધુઓ!

"તમે જે જાતના સંજોગમાંથી પસાર થયા છો. તેવા સંજોગો ભવિષ્યના આગેવાનોને મળશે? તમારા સંજોગો, તમારા વિચારો, તમારા સાદાં—પણ મક્કમ બંધારણો, પરસ્પરની આમ્નાય વિગેરે શું ઓછાં નથી થયાં?

તમારા પછી જે આગેવાનો થવાના છે, તેને કંઇ પણ તાલીમ આપો છો?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથવા એ આગેવાનોને જે વર્ગ વચ્ચે કામ લેવું પડશે, તે વર્ગના બંધારણનો, તે વર્ગની વર્તમાન રહેણી કરણીનો વિચાર કરો છો ? ”

## અરે ! ભાઈ ! તાલીમ કોને આપીએ ?

“ લે તેને આપીએ ને ? અમારા કરતાં વધારે બુદ્ધિશાળી, અને કાર્યદક્ષ હોવાનો દાવો કરનારાઓને અમે શી રીતે તાલીમ આપી શકીએ ? અને તેઓ લઇ પણ શી રીતે શકે ? વળી સંઘના કે નાત જાતના અંદરના સવાલોનો વિચાર કરવાની ફુરસદ કોને છે ? અમારાથી બનશે ત્યાં સુધી ચલાવીશું. પછી તો આણંદ કલ્યાણજી સંઘ છે ને ? વળી કોઇ જાગશે.

અને ભવિષ્યમાં જે વર્ગ વચ્ચે કામ લેવાનું છે. તેની રહેણી કરણીનો જ્યારે અમે વિચાર કરીએ છીએ, ત્યારે અમને લાગે છે કે—આ નાનકડા છોકરાં, નીચાં કદના, શરીરે ફીકકાં, કોઇએ આપેલી નોકરી અથવા કોઇ મોટા વેપારીના આશ્રય તળે વેપાર કરવાના સંજોગોવાળાં, મુંબઇ જેવા ભયંકર વાતાવરણવાળાં શહેરમાં રહેનારાં, સાદાઈ અને જાતમેહનતને દેશવટો આપવાવાળાં, પાંચશેર બોજા માટે મજુરની જરૂરીઆનવાળા, પૉઝીશનના બાના નીચે અશક્તિ છુપાવવાનો પ્રયત્ન કરનારા, આખો દિવસ કામની ધમાલોમાં પડેલાં, અને સવારે મોડાં ઉઠનારાં, સગવડો શોધનારાં, શી રીતે ગાડું ગબડાવી શકશે ? વળી સભાઓ, સોસાયટીઓ, મંડળો, વિગેરે સ્થાપવાની ટીંખળો કરશે, પરંતુ કાગળપર લાંબા લાંબા ચિત્રામણો કર્યા વિના જે મક્કમ બંધારણો અમારા વખતમાં હતા, જે કાબુ હતો. તે ઢીલો પડી ગયો છે અને હજુ કોણ જાણે કેટલો ઢીલો પડશે ? તે કહી શકાતું નથી. વળી સ્રીઓ, સ્રીઓની તો વાતજ શી કરવી ?

ફેશન અને ટાપટીપે સત્યાનાશ વાળ્યું છે. નાનાં નાજુક અંગોથી કંઈપણ મહેનતનું કામ થઇ શકેજ નહીં. ઘાટી અને રસોઇઆની મદદથી ઘરનાં—કુટુંબ પુરતા કામો પણ મુશ્કેલીએ પતાવે, તે સ્રીઓ પાસે બહાદુરી અને મજબુતાઈની શી આશા રખાય ? અને પછી તેના બાળકો પાસેથી વિશેષ શી આશા રાખી શકીએ ? જ્ઞાની જાણે શું થશે ? કંઇ કહી શકતા નથી. પરંતુ છેલ્લા ૨૫ વર્ષમાં એકાએક જે ફેરફાર થયો છે, તે એકંદર સારા ચીન્હો નથી. જેનું પરીણામ નબળાઇમાં, પરસ્પર જુદાં પડવામાં આવ્યું છે. આપણી સ્થાનીક સત્તાઓ તુટતી જાય છે. એમ તો અમારૂં હૃદય ચોક્કસ કબુલ કરે છે. જો કે હજુ સુધી જેમ તેમ ટકાવી રહયા છીએ. પરંતુ ભવિષમાં શું થશે ? તે વિચારવા જેવું છે. અમે જે કરીએ છીએ તે જુવાનીઆઓને હૃદયમાં ગમતું નથી. પરંતુ હજુ અમે કયાં કોઇને ગણકારીએ તેમ છીએ ? પરંતુ અમારી પછી સેંકડો વર્ષોથી ચાલતા આવતા આના આ ચાલુ ધારા ધોરણો—બંધારણો કાયમ રહેશે કે નવાં બંધાશે ? અમે જે ધારણાથી કામો કરીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છીએ; તેજ ધારણાઓ ફરી જશે કે કાયમ રહેશે ? એ કંઇ ચોક્કસ ધારી શકાતું નથી. તો પણ હાલના યુવકોના અરધા સંસ્કાર અમારા વિચારના છે. અને અરધા જુદા સંસ્કારો છે. પરંતુ હાલના યુવકોના હાથમાં ઉચ્છરેલા બાળકો–કે જેના અરધા સંસ્કાર યુવકોના છે. અને અરધા સંસ્કાર પરદેશી ધોરણ પર અપાતી કેળવણીના છે. તેઓ અમારાથી તદ્દન જુદાજ સંસ્કારવાળા માલુમ પડે છે. એ ચોક્કસ છે. તેઓ વળી કોણ જાણે કઇ તરફ ખેંચાઇ જશે; તે કહી શકાતું નથી. ”

વળી અમને તો એમાં એ યુવકોનો પણ વાંક જણાતો નથી. તેઓ એવા કોઇ સંજોગોમાંથી પસાર થાય છે, કે જ્યારે અમે વિચાર કરીએ છીએ, ત્યારે તો દયા આવે છે. અમે પાંચશેરનું ઘી ખાધું છે. બાલ્યાવસ્થા પૂર્ણ આનંદમાંજ વીતાડી છે, કયાં અમારા શરીરની મજબુતાઈ અને કયાં હાલના તકલાદી શરીરો. આ બધા ફેરફારનું અગમ્ય કારણ હોવું જોઇએ. આમાં અમારો પણ શો વાંક ? શું અમારી ઇચ્છા હોય કે ભવિષ્યના યુવાનો નબળા પડે ? જરૂર માનજો. કે એવી અમારી ઈચ્છા જરા પણ ન હોય, પરંતુ એટલું જરૂર માની શકીએ કે–કોઇપણ અજાણતા થયેલી અમારી ગફલતોનું પરિણામ હાલના જુવાનીયાઓને ભોગવવું પડે છે. અને ભવિષ્યના બાળકોને પણ ભોગવવું પડશે. પરંતુ કઈ વખતની, કઈ ગફલતનું આ પરિણામ હશે, તે કળી શકાતું નથી.

## જૈન યુવકોને ખાસ

આવી ભવિષ્યની આપણી સ્થિતિનો વિચાર કરી જુઓ, અને આપણા સિવાય, બીજા દેશોની બીજી કોમોના જે વંશ વારસદાર થશે, અને આની આ રીતે દરેકને નબળાઇના સંસ્કાર મળ્યે જશે, તે વખતે પણ જો આજથી ઉંઘમાં ગાળીશું તો તેઓની સાથે આપણે ટકી શકીશું ? તેનો પણ સાથે જ વિચાર કરી લેશો. અત્યારે હજુ આપણે શહેરની વચ્ચે છીએ, ખાસ શહેરી મોભાદાર કામ કરનારા ગણાઇએ છીએ, પહેલાં રાજ કાજ, અને વેપારમાં આગળ પડતા હતા, તેમાં રાજ-કાજમાંથી તો કયારનોયે આપણો પગ ખસી ગયો છે. વ્યાપારમાં પણ હવે નામનોજ પગ રહ્યો છે. (સટ્ટાને હું વ્યાપાર ગણતો નથી) મારી ધારણા પ્રમાણે આપણી કોમના હવે નવા થતા નવ જુવાનીયાઓને સ્વતંત્ર ધંધો મળવો બહુ મુશ્કેલ છે. બાપદાદાના પણ ખાસ ધંધા પોતાના હાથમાં નથી રહ્યા. હશે તો અસ્થિર એવા–સટ્ટો, શેર બજાર, કે દલાલી જેવાં હશે. તેને શું ધંધો કહી શકાય ? મહેનતના ધંધામાં અગાઉની માફક મહેનત બની શકતી નથી. ઉપર ઉપરથી સારૂં સારૂં ગમેતેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગણીએ; પરંતુ અંદર ઉતરતા તેમજ વખત જતાં આ સ્થિતિ વિષમ આવશે, ત્યારે બધાની આંખ ખુલશે. સારાંશ કે–વ્યાપારો જુજ હાથમાં છે. હજુ શરીરના બંધારણો કંઈક ઠીક છે. વધારે ૪૦–૫૦ વર્ષ જીવી શકાય એટલું હજુ સુભાગ્યે શરીર મજબુત છે. પરંતુ યુવક બંધુઓ ! તેમાં પણ તમે તમારી કમાઈ માનશો નહી. કારણ કે હજુ જુની મુડી પહોંચે છે, તેના ઉપર આપણે જીવીએ છીએ, કંઈક ઠીક બાંધાના શરીરવાળા માબાપના શરીરની મજબુતીના અંશોનો વારસો ભોગવીએ છીએ. આબરૂ, મોભા, શહેરીપણું, ધન મિલ્કત વિગેરે બાબતમાં જુની મુડી ઉપર આપણે જીવીએ છીએ, એ બરાબર યાદ રાખજો. જો હજુ ઉંઘશો, તો આપણા બડા બુરા હાલ થવાના છે. બીજી પ્રજાઓ જોર પર આવશે, હરિફાઈમાં આગળ વધશે; તે વખતે તમારે બહાદુરી સાથે પાછા ફરવું પડશે. બંધુઓ ! હું આ તમને શ્રાપ નથી આપતો. મારૂં હૃદય ભવિષ્યની સ્થિતિ પર રડે તેના ડુસકાં છે. મારૂં અંતઃકરણ તો આપણા દરેક માટે એમજ ઈચ્છે છે કે–આપણે દરેક બાબતમાં આજસુધી રહ્યા છીએ, તેમ આગળ પડતી કોમ તરીકે ટકી રહીએ, અને અમુલ્ય ચિંતામણી તુલ્ય હાથે ચડેલ વિતરાગ પ્રભુનો ધર્મ જગતમાં ટકાવી રાખીએ, ને તેનું બળ વધારીએ એવી આશીષ આપે છે. પરંતુ જો આપણે જાગીએ તો તે સફળ થાય, ઉંઘીએ તો નિષ્ફળ જાય માટે તમને રૂચે તે કરજો.

આ સ્થિતિ આપણા વડીલ આગેવાનો સમજી શકતા નથી. આપણે આજ સુધીના કામોથી તેઓનો વિશ્વાસ ગુમાવ્યો છે. જુઓ હવે આપણી કેવી ભયંકર સ્થિતિ છે ?

૧ ભવિષ્ય ભયંકર છે.

૨ તે કેટલાકને સમજાયું ને કેટલાકને નથી સમજાયું. તેની અડચણ નહીં. પરંતુ કેટલાક યુવાનો જ આ વાતની સામે છે. તે વિશેષ ભયંકર છે.

૩ વડિલ આગેવાનો સમજ્યા નથી, કે સમજાવવામાં આવ્યું નથી, તેથી તેઓ પણ મદદગાર નથી. ઉલટાં ક્યાંક ક્યાંક વિરોધી છે.

૪ સમજવા છતાં આપણી નબળાઈનો પાર નથી, સુખશીળપણાનો પાર નથી, વાતો બંધારણો–યોજનાઓ ઘડીએ છીએ, અમલ કરવા બેસીએ ત્યારે આરંભેશુરા બની છેવટે ઘંટના અવાજની માફક થોડું ગાજી વગાડી શાંત પડી જઇએ છીએ. આ ચાર સ્થિતિમાંથી બચવાનો હાલ માત્ર એકજ ઉપાય છે કે—ઇચ્છા પૂર્વક, ખાસ ફરજ સમજીને અનન્ય ભાવે સેવા કરવી. બીજી કોઇ બાબતમાં વચ્ચે ન પડવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો અનન્ય ભાવે સાચા દીલથી સેવા કરીશું, તો વડિલોનો સાચો વિશ્વાસ બેસશે. આપણે કસાઈશું-કસોટીએ ચડીશું, સુખ શીળીયાપણું છોડી દઇ કર્તવ્ય પરાયણ બની જઇશું. આજસુધી ઇંગ્રેજી બંધારણો અને તેની રીતભાતની દૃષ્ટિવાળા થઇ ગયા હતા. તેથી આપણી અને દેશી રીતભાતો બેહુદી લાગતી હતી. પરંતુ આ રીતે સેવા કરવાથી, તેમાં સત્યાંશો કેટલા છે? જુનાઓ તેને વળગી રહેતા હતા. તેમાં શી મહત્તા હતી? એ વિગેરે અનુભવો થશે.

આ પત્રિકાનો ભાવાર્થ જેઓ બરાબર સમજ્યા હોય તેઓએ અને આપણા મુનિ મહારાજઓએ ઉચીત લાગે તો દરેક ગામદીઠ સંઘની સેવા અનન્ય ભાવે કરે તેવા યુવકોના ખાસમંડળો સ્થાપવા અને તે દ્વારા યુવકો બાળકો,-જેઓ આજ સુધી બહીર્મુખ-બહાર જોનારા હતા, ને છે, તેઓ અંતર્મુખ બનશે. અગાઉના વખતમાં દરેક શ્રાવક પુત્ર પોતાની ફરજ સમજતો હતો. અને સંઘના કે નાતજાતના પ્રસંગોમાં હાથોહાથ સૌ કામ પતાવી લેતા હતા. સૌ પોતાનું જ સમજતાં હતાં, હાલના યુવકો પણ પારકું નથી સમજતાં, પરંતુ હજુ જોઇએ તેટલું પોતાનું સમજતા તેઓ શીખ્યા નથી, તેથી આવા મંડળો દ્વારા તેઓને પોતાની ફરજનું બરાબર ભાન થશે. પરંતુ થોડા હોય છતાં મક્કમ હોય તેટલા જ ભલે ચાર પાંચ કે દશ હોય તેવાઓનુંજ મંડળ સ્થાપવું, જો મક્કમ વિચારના ન હોય કે સેવા ભાવના જેવી જોઇએ તેવી ન હોય તો મંડળ કરવાની ઉતાવળ ન કરવી. આ ભલામણ દરેક સમજુ ભાઇઓને ખાસ કરીને પુજ્ય મુનિવરોને કરવાની તક જોઉં છું.

વળી ખાસ દુઃખની વાત તો એ થઇ પડી છે કે-જે બાબતોમાં અત્યારના યુવકો રચીપચી રહેલા હતા, તેનો ત્યાગ કરવા તૈયાર થાય છે. ત્યારે તેજ બાબતોમાં યુવકોના વડિલોની મમતા બંધાઇ છે. ખરેખર વિચિત્ર ઉત્થલ પાથલ વિષમ સંજોગો ઘડી શકે છે. પરંતુ પ્રેમ અને વિનયથી વૈરી પણ વશ થાય છે. તો પછી આતો આપણા વડીલો અને ભાઇઓ છે. છેવટે મળી શકશેજ.

આપો સઉને સન્મતિ શાસન દેવ!

પ્રભુદાસ બેચરદાસ પારેખ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સમયના પ્રવાહમાં કંઇક.

હાલમાં દરેક સ્થળે લગ્નસરા ચાલી છે. લગભગ સવામાસ થયા ધામધુમ, વરઘોડા, જમણવાર વગેરે માટે ઠેકાણે ઠેકાણે હજારો લાખો રૂપૈયા તે નિમિત્તે ખરચાઇ ચૂકયા છે. કહેવાય છે કે દેશમાં મોંઘવારી હજી પણ બહુજ છે. છતાં ઉપરના સમયમાં ભાગ્યેજ કોઇએ જોઇ હશે. દરેક કોમમાં લગ્નસરા હોવાથી ખાવાપીવા, પેહરવા ઓઢવા વગેરેનો આનંદ ઓછો વધતો સૌએ લીધો હતો. દયાળુ અને ગરીબના દાઝ હૈએ ધરનાર કોઇ વિરલા મનુષ્યે આવા જમણવારના આનંદ પ્રસંગમાં, ગરીબની કપડા લત્તા કે અનાજ કે કાંઇ જરૂરીયાત માટે ધ્યાન આપ્યું હશે. અને યાદ આવ્યું હશે. લગ્નો પ્રસંગે વરઘોડા ફુલેકા ચડાવ્યા, જમણવારો કર્યા, વૈભવ માટે-પોતાની છત બતાવવા માટે લુગડાં લત્તા દાગીના ઘરેણાં ખરીદી પહેરી શોભા બતાવી; પરન્તુ ખરા લગ્નો કર્યા ત્યારેજ કહેવાય કે તેવા પ્રસંગોએ પોતાની નાતના, પોતાની કોમના, પોતાના ધર્મી બંધુ કે ગામના તેવા નિરાધાર-આશ્રયવગરના અને આજીવિકા વગેરેની જરૂરીયાતવાળા કોઇપણ મનુષ્યને ભૂલી ન ગયા હોય ! ! ! તેની જરૂરીયાત પુરી પાડી આશિર્વાદ લીધો હોય ! તેવા મનુષ્યનેજ અમો ધન્યવાદ આપીયે છીયે. બાકી તો આપણે પહેરીયે, ઓઢીએ, જમીયે જમાડીયે તે તો એક આપણે જમે ઉધારનો વ્યવહારનો નિયમ-ધંધો છે. સૌ તેમ કરે છે. સમજુ જ્ઞાનવાન મનુષ્યતો પોતાના આનંદ પ્રસંગે પણ દીન દુ:ખીયોની-જરૂરીયાતવાળાઓની જરૂરયાત ન ભૂલે, ત્યારેજ ખરા લગ્ન ખરી ધામધુમ કરી કહેવાય. સામાન્ય હકીકત આટલી જણાવીયે છીયે. હવે—

* * * * *

અમારા આ શહેરમા જૈનકોમમાં ઘણા લગ્નો ધામધુમથી થયા છે તે જણાવીયે છીયે. કેટલાક વર્ષો પહેલા લગ્નમાં વરનું ફૂલેકું અને કન્યાને ચુંદડી ઓઢાડવાનો (ઘોડા ઉપર બેસારી તેનો) વરઘોડો ચડાવતા હતા. જેમ કાલાન્તરે ફેરફાર થાય છે તેમ વરના ફૂલેકાને બદલે પ્રભુજીને રથમાં પધરાવી વરનો લગ્ન નિમિત્તનો રથયાત્રાનો વરઘોડો હવેથી ઘણે ભાગે ચડાવાય છે અને કન્યા માટે ચુંદડી ઓઢાડવાનો વરઘોડો બંધ કરી ઉપર મુજબ રથમાં પ્રભુજી પધરાવી કન્યાને રથમાં બેસારી તે રીતે વરઘોડો ચડાવવામાં આવે છે. રથયાત્રાનાગડના આ વરઘોડાને લગ્ન પ્રસંગે ધર્મ નિમિત્ત મેળવી કરવામાં આવવાનું કહેવામાં આવે છે, અમો તેને રથયાત્રા ધર્મ નિમિત્ત કહીયે છીયે તે માટે અમો વાંધો બતાવતા નથી, પરંતુ આ મોટી ઉમરની કન્યા-દીકરીઓ માટે બુદ્ધિશાળી મનુષ્યો એમ કહે છે કે, ચુંદડી ઓઢાડવાના વરઘોડો બંધ કરી તેનું આ બીજું સ્વરૂપ ધર્મ નિમિત્ત બ્હાના નીચે જૈન બંધુઓ ચલાવ્યા જાય છે, કારણ કે મોટીવયની કન્યા માટે રથમાં તેમ બેસારવું તે લોકોમાં જેમ ચર્ચાસ્પદ થાય છે તેમ ધર્મ નિમિત્ત છતાં કન્યાને ચાંદલો કરવો, રૂપીયો દોઢ ચુંદડી નિમિત્તનો તે વખતે આપવો તે ધર્મના ઓઠા નીચે ચુંદડી ઓઢાડવાના વરઘોડાનું બીજું સ્વરૂપજ જણાય છે કે જે ન હોવું જોઇએ. લગ્ન પ્રસંગે ભલે ધાર્મિક નિમિત્ત મેળવી પૂજા ભણાવો, જીવ દયા પળાવો, ગરીબને અનાજ કપડાં આપો દેરે આંગી પૂજા વગેરે કરાવો પરંતુ બીજા બ્હાના નીચે ધર્મ બ્હાને ગમે તેમ ચલાવવું અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોકોની ચર્ચામાં આવવું તે તો અયોગ્ય છે એમ બુદ્ધિશાળી મનુષ્યો કહે છે એમ અમોપણ માનીયે છીયે.

*  *  *  *  *

અનુભવવા પ્રમાણે વરના લગ્નના તેવા રથયાત્રાના વરઘોડામાં પ્રભુ વિદ્યમાન છતાં વરને ચાંદલો કરવામાં આવે છે, અને હાર પહેરાવવામાં આવે છે. ફૂલેકાની જેમ વધાવવામાં આવે છે, પછી જ્યારે એક બાજુ આને આશાતના કહેવામાં જેમ આવે છે તેમ બીજી બાજુ ફુલેકામાં બનતા, અપાતા લેવાના પ્રસંગો આવા ધર્મના વરઘોડા કહી કરવામાં આવે તો અમોને કાંઇ તેમાં બહુ ફેર લાગતો નથી માટે તેમાં ફેરફાર કરવાની જરૂર છે.

*  *  *  *  *

ભાવનગર શહેરમાં જૈનોમાં ઘણા લગ્નો થયા છે, જેમાં ઘણે ભાગે દરેક ઘેર તો રથમાં પ્રભુ પધરાવીને વરઘોડો અથવા પૂજા ભણાવવાનું અથવા બંને એમ અમુક અમુક ધાર્મિક પ્રસંગો થયા છે, પરંતુ વોરા અમરચંદ જસરાજ અને શેઠ આણંદજી પુરૂષોતમ કે જે બે ઘર અગ્રગણ્ય છે ત્યાંતો શેઠ અમરચંદ જસરાજના પુત્ર જગજીવનદાસના ચી. નગીનદાસના લગ્નમાં, તેમજ શેઠ આણંદજી પુરૂષોતમના પુત્ર ગિરધરભાઇના પુત્ર મોતીચંદભાઇના ચી. વિનયચંદના લગ્નમાં તો લગ્ન સાથે અઠ્ઠાઇ મહોત્સવ, જ્ઞાનપંચમીના ઉદ્યાપન નિમિત્તે છોડ અને મહાસ્નાત્રો કરવામાં આવ્યા હતા. વોરા અમરચંદભાઇને ઘેર દેરાસર હોવાથી પોતાને ઘેર પ્રભુ તથા છોડો પધરાવી, અઠ્ઠાઇ મહોત્સવ કરી છેલ્લે દિવસે અષ્ટોતરી મહાસ્નાત્ર ભણાવ્યું હતું. આ રીતે તેઓ પોતાના પુત્રના લગ્ન વખતે કરે છે. શેઠ આણંદજી પુરૂષોતમને ત્યાં લગ્નમાં શ્રી સંઘના મોટા દેરાસરમાં શ્રી શત્રુંજયની રચના, અઠ્ઠાઇ મહોત્સવ છેલ્લે દિવસે સ્વામીવાત્સલ્ય સાથે શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું સાથે સાત છોડો ભારે શુમારે ત્રણથી ચાર હજાર રૂપૈયાના કિંમતના પધરાવ્યા હતા, એટલે શેઠ આણંદજી પુરૂષોતમના ઘેર આ લગ્ન પ્રસંગમાં ભક્તિ સાથે લગ્ન નિમિત્તે જમાડવા વગેરેમાં સારો ખર્ચ કર્યો હતો. વોરા અમરચંદભાઇ તથા શેઠ આણંદજી પુરષોતમના ઘેર આ લગ્ન પ્રસંગે ઓછી વધતી ધાર્મિક ખાતાઓને અમુક અમુક સખાવત પણ થયેલી છે, પરંતુ શેઠ આણંદજી પુરૂષોતમના ઘેર મોતીચંદભાઇના દીકરાના આ લગ્ન નિમિત્તે જેમ મોતીચંદભાઇએ મોટી રકમનો ખર્ચ કરી લગ્ન કર્યા છે તે માટે અમારો આનંદ જાહેર કરીયે છીએ ખરા, પણ મોતીચંદભાઇ જેવા બુદ્ધિશાળી અને જ્ઞાનવાન મનુષ્ય પાસે સમાજ તેટલીજ કે બલ્કે વધારે રકમ ભાવનગર જૈનસમાજની કાયમની જરૂરીયાતવાળી કોઇ કેળવણી કે જૈન બંધુના ઉદ્ધારાદિની કોઇ નવી સંસ્થાના જન્મ આપી તેના નિભાવ માટે ( લગ્નમાં ખર્ચ કર્યો તેટલી કે ઓછી રકમ આપી આ લગ્ન પ્રસંગ સાથે તેનો પણ લ્હાવો, માન, આત્મસાર્થકતા કરવાની જરૂર હતી. અત્રેની જૈનકોમ તેવી આશા રાખે તે સ્થાને છે. કદાચ ઘણા હર્ષમાં મોતીચંદભાઇ વિસ્મૃત થયા હોય તો અમો યાદ આપીયે છીયે. અમો નથી માનતા કે આ વાત તેઓ ભૂલી શકે ? અત્યારે નહીંતો થોડા વખત પછી તેવી હકીકત બંધુ મોતીચંદભાઇ વિચારી જાહેર કરશે એવો દરેક ભરૂસો અમોને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર અને સમાલોચના.

**दण्डक हिन्दी अर्थ सहित—અનુવાદક પં. શ્રી સુખલાલજી. પ્રકાશક આત્માનંદ પુસ્તક પ્રચારક મંડળ–આગ્રા.**

પ્રસ્તુત અનુવાદ સ્થૂલ તેમજ સૂક્ષ્મ બુદ્ધિવાળાને ઉપયોગી સરળ અને નવીન પદ્ધતિથી લખાયેલ છે, અને તેજ કારણથી આજ સુધીમાં બહાર પડેલ **दण्डक** પ્રકરણના અનુવાદો ફિક્કા દેખાય છે.

અનુવાદકની લેખનશૈલી જેઓએ તેમના વિદ્વત્તાપૂર્ણ હિંદી અનુવાદ ( ભાષાંતર ) કરેલ ચાર કર્મગ્રંથો, તેના પ્રારંભમાં લખેલ તે તે વિષયના નિબંધો, અને તેમાં આવતા પ્રત્યેક વિષયો તેમજ શ્વેતાંબર દિગંબરની કર્મ વિષયક ભિન્ન ભિન્ન માન્યતાઓનાં પરિશિષ્ટો, ઉપયોગી ટિપ્પણીઓ આદિ જોયેલ હશે તેઓ તો પ્રસ્તુત અનુવાદની પદ્ધતિને પણ જાણશે. તથાપિ ગૂજરાતની જનતા અનુવાદકની ગંભીર લેખન શૈલીથી લગભગ અજાણ છે એટલા માટે પ્રસ્તુત પ્રકરણનો ટુંકમાં પરિચય કરાવવો અનુચિત નહીં જ મનાય.

પ્રસ્તુત અનુવાદમાં ત્રણ વિભાગ દૃષ્ટિ–સમક્ષ તરી આવે છે ૧ નિવેદન ૨ પ્રકરણનો ભાવાર્થ અને ૩ મૂળ પ્રકરણ, તેની છાયા તેમજ તેનો અર્થ.

૧ નિવેદનમાં ભારત વર્ષના પુરાતન આધ્યાત્મિક સાહિત્યની વિપુલતાનું કારણ આદિ વિષયો ચર્ચ્યા છે, તથાપિ તેમાંની એક વાત ખાસ ધ્યાન ખેંચે છે. તે એ કે—" જૈન વૈદિક અને બૌદ્ધ સાહિત્યમાં આધ્યાત્મિક વિષયનાં કેટલાંક વર્ણનો માત્ર શબ્દ પરાવૃત્તિ પામેલ એક સરખાં મળે છે. ત્યારે કેટલાંક વર્ણનો કોઇમાં સંક્ષિપ્ત તો તેજ વર્ણનો અન્યમાં વિસ્તૃત પ્રાપ્ય થાય છે. માટે તે તે વિષયના પૂર્ણ અભ્યાસીઓને માટે સ્થિતપ્રજ્ઞ થઇ તે તે સાહિત્યનું અધ્યયન અત્યાવશ્યક છે. "

૨ ભાવાર્થમાં ચોવીસ દંડકો અને શરીર અવગાહના આદિ દ્વારોની વિસ્તૃત તેમજ ક્રમથી સમજ આપી છે તે પછી કયા દંડકનો કયા દ્વારની સાથે કેટલો સંબંધ છે એ પણ વિભાગ વાર આપી ભાવાર્થ સમાપ્ત કર્યો છે.

ત્રીજા વિભાગમાં મૂળ પ્રકરણના શબ્દાર્થને જાણવા ઇચ્છનારને તૃપ્તિ થઇ શકે છે.

અંતમાં એક સૂચના અનુવાદકને લક્ષીને કરીશું. ભાવાર્થના ત્રીજા પૃષ્ઠમાં—

**" १० भवनपति—रत्नप्रभानामक पहली नरक में बारह विभाग हैं. जिन को मंजला कहते है। इसके ऊपर तथा नीचेके एक एक तलेको छोडकर बीचके दस तलों में दक्षिण और उत्तर दिशामें दोनों ओर अनेक स्थिर भवन है. "**

આ વાત દરેક વાચકને નવીન લાગવાથી શંકા થયા કરે છે. માટે નવીન આવૃત્તિમાં ટિપ્પણીરૂપે મૂળ પાઠ લખવો આવશ્યક છે.

આવા પરિશ્રમ પૂર્વક તૈયાર થએલ પ્રકરણોનો લાભ લેવા જૈન સમાજ ન ચુકે એ ઇચ્છવા જેવું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" માત્ર જુજ નકલો સિલીકે છે "

## "યોગદર્શન અને યોગવિંશિકા."

આ ગ્રંથ યોગનો છે. જેમાં શ્રીમદ્ વ્યાસર્ષિ પ્રણીત ભાષ્ય, શ્રી પતંજલિ મુનિ વિરચિત પાતાંજળ યોગદર્શન અને તેના ઉપર ન્યાય વિશારદ ન્યાયાચાર્ય **શ્રીમદ્યશોવિજયજી મહારાજ** રચિત જૈન મતાનુસાર વ્યાખ્યા (વૃત્તિ) આપવામાં આવેલ છે. આ ગ્રંથમાં આવેલા જે જે વિષયોમાં સાંખ્ય અને જૈન શાસ્ત્રનો મતભેદ છે, તેમજ જે જે વિષયોમાં મતભેદ ન છતાં માત્ર વર્ણન–પદ્ધતિ અથવા સાંકેતિક શબ્દોનોજ માત્ર ભેદ છે તે તે વિષયોના વર્ણનવાળા સૂત્રો ઉપર વૃતિકારે વૃતિ લખી છે. એટલે કે યોગદર્શન તથા જૈનદર્શન સંબંધી સિદ્ધાંતોના વિરોધ અને મળતાપણાનો એક સંગ્રહ છે.

બીજો ગ્રંથ યોગવિંશિકા છે જેના મૂળના કર્ત્તા, ૧૪૪૪ ગ્રંથોના પ્રણેતા મહાન આચાર્ય શ્રીમાન્ હરિભદ્રસૂરિ છે અને તેની ટીકાના કર્ત્તા પણ શ્રી મદ્યશોવિજયજી ઉપાધ્યાયજ છે. આ બંને ગ્રંથો યોગના છે. તે બંને ગ્રંથો સંસ્કૃતમાં માત્ર ( યોગવિંશિકા મૂળ માગધિમાં ) છતાં યોગદર્શનની સવિસ્તર પ્રસ્તાવના તથા યોગવૃત્તિનો સાર એ બંને બહુજ વિદ્વતાથી ઘણીજ સહેલી રીતે હિંદિ ભાષામાં પ્રજ્ઞાચક્ષુ વિદ્વદ્વર્ય બંધું સુખલાલજી સંઘવીએ લખી યોગ વિષે સારો પ્રકાશ પાડયો છે. જૈન સમાજમાં આવા ગ્રંથો પ્રસિદ્ધ થાય તે ઉચ્ચ પ્રકારે સાહિત્ય સેવા છે.

આ ગ્રંથ માત્ર જૈન સમાજનેજ ઉપયોગી છે તેમ નહીં પરંતુ અન્ય દર્શનો માટે પણ તે આશિર્વાદ સમાન છે. ઉંચા કાગળો ઉપર સુંદર ટાઇપથી ઉંચા કાપડના સુશોભિત પાકા બાઇંડીંગ વડે અલંકૃત કરેલ છે. કિંમત રૂ. ૧–૮–૦ જલદી મંગાવો.

**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

---

## અમારી સભાનું જ્ઞાનોધ્ધાર ખાતું.

**નીચેના ગ્રંથોમાંથી કેટલાક છપાય છે, કેટલાકની યોજના થાય છે.**

૧ જૈન મેઘદૂત સટીક.
૨ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ.
૩ અંતગડદશાંગસૂત્ર સટીક ભરૂચ નિવાસી ઉજમ બ્હેન તથા હરકોર બ્હેન તરફથી.
૪ ષટ્સ્થાનક સટીક.
૫ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૬ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૭ શ્રાવકધર્મવિધિ પ્રકરણ સટીક.
૮ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
૯ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.
૧૦ લિંગાનુશાસન સ્વોપજ્ઞ (ટીકા સાથે)
૧૧ ધાતુપારાયણ.
૧૨ શ્રી નંદીસૂત્ર–શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકા સાથે બુહારીવાળાશેઠ મોતીચંદ સુરચંદ તરફથી.
૧૩ ગુરૂતત્ત્વ વિનિશ્ચય શેઠ પરમાનંદદાસ રતનજી ગોઘાવાળા, હાલ મુંબઇ.
૧૪ શ્રી વિમલનાથ ચરિત્ર ભાષાંતર.
૧૫ દાનપ્રદીપ. ભાષાંતર શાહ નાનાલાલ હરિચંદ ભાવનગર તરફથી.
૧૬ ધર્મરત્ન પ્રકરણ ભાષાંતર
૧૭ નવતત્ત્વ ભાષ્ય ,,
૧૮ શ્રી નેમિનાથ ચરિત્ર ,,
૧૯ શ્રી પ્રભાવક ચરિત્ર ,,
૨૦ શ્રી વાસુપૂજ્ય ચરિત્ર. ,
નંબર ૧૪–૧૬–૧૭–૧૮–૧૯–૨૦ ના ગ્રંથોમાં મદદની અપેક્ષા છે.
૨૧ સુમુખ નૃપાદિ ચાર કથા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વ્યવસ્થા.

“ વ્યવસ્થા એ ઇશ્વરનો પહેલો નિયમ છે.” સ્વર્ગ અથવા ભૂતસૃષ્ટિમાં ગેરવ્યવસ્થા માલમ પડતી નથી. જો આપણી સૃષ્ટિમાં વ્યવસ્થા ન હોય તો ઈસુખ્રિસ્તિનો બીજો અવતાર થવાની આપણા ખ્રિસ્તી ભાઇઓ વકી રાખે છે તેના કરતાં પણ પહેલો તેનો છેડો આવે. વ્યવસ્થાને લીધે તે હમેશાં કાયમ રહે એવી થયેલી છે. સંસારી, ઘરબારી અને વ્યવહારિક કામોમાં પણ એજ નિયમ લાગુ પડે છે. અમે આગળ વિવેચન કરેલી બીજી બાબતો સંસાર વ્યવહારનાં કામોમાં જેમ જરૂરની છે તેમ વ્યવસ્થા પણ જરૂરની છે. નીચેની બે કહેવતમાં વ્યવસ્થા શબ્દ જે અર્થમાં વાપરેલો છે તેજ અર્થમાં અમે વાપરીયે છીયે. “ દરેક ચીજને માટે જગો રાખો અને દરેક ચીજ તેની યોગ્ય જગોએ રાખો ” “ દરેક કામને માટે વખત નિમો અને દરેક કામ તેને માટે નિમેલે વખતે કરો.” આવી તરેહની વ્યવસ્થામાં ગુંચવણ, બે પરવાઇ, અસ્વચ્છતા રહી શકતાં નથી. અમે જે સદ્‌ગુણોનું આગળ વિવેચન કરેલું છે તેને મળતો વ્યવસ્થાનો ગુણ છે અને ફતેહ મેળવવાને તે આવશ્યક છે. આગળ જણું વલી ગુણોની સાથે આ ગુણ મળવાથી સદ્‌ગુણની એક સુંદર અને પરિપૂર્ણ આકૃતિ થાય છે. વ્યવસ્થાથી એટલે કે કામ અથવા ફરજની પદ્ધતિસર ગોઠવણથી મહેનત સહેલી અને આનંદમય થાય છે. દરેક ચીજને માટે વખત અને જગો મુકકર કરેલાં હોય છે. તેથી હાનિકારક દોડાદોડ કરવાની જરૂર પડતી નથી. પેલી જુની કહેવતમાં કહ્યું છે કે “ઘણામાં ઘણી ઉતાવળથી થોડામાં થોડું ચલાય છે.” વળી કહ્યું છે કે “ ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર.” કામની પદ્ધતિસર ગોઠવણ કરી હોય તો આવી ઉતાવળ કરવી પડતી નથી, અને દોડાદોડમાં કામ કરવાથી થતો ત્રાસ અને અગવડ ભોગવવાં પડતાં નથી. દોડાદોડ કરવી એ સહેલું એ નથી અને પસંદ પડે એવું એ નથી. તેના બોજાથી મગજ થાકી જાય છે અને ઘસાઇ જાય છે. દોડાદોડ કરવી ન પડે તો જે કામ ખુશનુમા લાગે તે દોડાદોડ કરવી પડવાથી વૈતરા જેવું લાગે છે; સ્વભાવ મળતાવડો થવાને બદલે ચિઢિયો થાય છે; વાંક કાઢવાનું અને ઠપકો આપવાનું મન થાય છે; શેઠના ચિઢિયા સ્વભાવની અસર નોકરોપર પણ થાય છે; શેઠના કઠોર વચન સાંભળવાં પડવાથી તેઓ નાખુશ અને દુઃખી થાય છે. બધા કારકુન અને નોકરોમાં શેઠની વર્તણુકથી બેદીલી અને બેચેની પેદા થાય છે. અને આ બધાનુ કારણ માત્ર એજ હોય છે કે કામની બરાબર ગોઠવણ અને પદ્ધતિ રાખી હોતી નથી. કોઇ કોઇ વાર એવું બને છે કે જે માણસ કામ પૂરૂં કરવાને દરેક પળે દોડાદોડ કરતો હોય છે તેનેજ નાસીપાસ અને નિરૂત્સાહી થવું પડે છે. દરરોજના કામકાજ આનંદ અને ઉત્સાહથી કરવાને પદ્ધતિસર ગોઠવણીની બરોબરી કરે એવું બીજું કંઇ નથી.”

**“ જીંદગીનું સાફલ્ય ” માંથી**

For Private And Personal Use Only